# પ્રકરણ – ૩
# લોકગીત : વિભાવના, લક્ષણો અને પ્રકારો

- ❖ પ્રસ્તાવના :
- ❖ લોકગીતની વિભાવના
- ❖ લોકગીતનાં લક્ષણો
- ❖ લોકગીતનું વર્ગીકરણ
- ❖ લોકગીતનાં પ્રકારો
- ❖ ઉપસંહાર



# પ્રકરણ – ૩

# લોકગીત : વિભાવના, લક્ષણો અને પ્રકારો

## ❖ પ્રસ્તાવના :

સાહિત્યની બે પરંપરાઓ છે લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્ય. લોકસાહિત્ય સામાન્ય લોકો દ્વારા લોકબોલીઓમાં મુખ્યતઃ ગ્રામવિસ્તારોમાં અનાયાસે સર્જાયું છે. મૌખિકરૂપે લોકકંઠે જળવાયું છે અને ચારે તરફ પ્રસારિત થયું છે. મનુષ્ય સમૂહમાં – સમાજમાં રહેતો થયો, વાણીના માધ્યમ દ્વારા પોતાનાં લાગણી–વિચાર–કલ્પના પ્રગટ કરતો થયો અને અન્ય સાથે વ્યવહાર કરતો થયો, ત્યારથી લોકસાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે.

લોકસમાજમાં જેનો જન્મ થયો હોય તેને લોકસાહિત્યનો પરિચય આપવાનો ન હોય કારણ કે 'મા'ના ગર્ભમાં હોય ત્યારથી તેણે સીમંતના ગીતો, વ્રતકથાઓ સાંભળી હોય છે. બાળપણમાં દાદા–દાદીનાં ખોળામાં બેસી અનેક બાળવાર્તાઓ સાંભળી હોય છે. મા, બહેન, દાદી વગેરેનાં કંઠે અનેક હાલરડાંઓ સાંભળ્યા હોય છે. આપણને આજે પણ એ શબ્દોના પડઘા સંભળાય છે. આ લોકસાહિત્યમાં લોકોનું જીવાતું જીવન છે લોકસાહિત્ય એ માત્ર લોકસંસ્કૃતિ નથી. ભારતીય સંસ્કૃતિનું વિશાળ રૂપ છે.

દેશ અને દુનિયાના બધાય ભાગોમાં વસતી પ્રજા પાસે પોત–પોતાની ભાષામાં બોલીના વળોટ–પાશવાળું એવું પરંપરાગત મુખ પાટીનું કંઠસ્થ રૂપનું સાહિત્ય હોય જ છે, એવા પરંપરાગત મુખપાટીના સાહિત્યને આજે આપણે 'લોકસાહિત્ય' નામાભિધાનથી ઓળખીએ છીએ.[૧] સામાન્ય રીતે આપણે લોકસાહિત્યનો અર્થ વિચારીએ

તો લોકોનું સાહિત્ય એટલે લોકસાહિત્ય. આપણે જાણીએ છીએ કે વિશ્વની કોઈપણ પ્રજાનું આદિમ સાહિત્ય લોકસાહિત્ય જ હોવાનું કારણ કે જ્યારે પ્રજા શિક્ષિત બને ત્યારે જે સાહિત્ય રચાય તેને શિષ્ટ સાહિત્ય કહે છે. આમ, શિષ્ટ સાહિત્ય કરતાં લોકસાહિત્ય પુરાણું છે.

લોકસાહિત્યમાં લોકોનો ધબકાર છે. તેમાં વ્યક્તિના જન્મથી લઈને મૃત્યુ સુધીની ઘટનાને આવરી લેવામાં આવે છે. જેમાં હાલરડાં, બાળરમતોનાં જોડકણાં, કુંવારિકાઓનાં વ્રતગીતો, લગ્નગીતો, કામ કરતી વખતનાં –(લણણી, કાપણી), ખાંયણા, મેળા–ઉત્સવનાં ગીતો, ઋતુગીતો, મરશિયા, ભજનો, લોકકથા–વાર્તાઓ, ભવાઈવેશો વગેરેનો સમાવેશ થાય છે. આ લોકસાહિત્ય એ ફકત એક જ વ્યક્તિનું સર્જન નથી. પરંતુ તેના અનેક સર્જક હોઈ શકે અથવા તો અજ્ઞાત હોઈ શકે છે તેમજ લોકસાહિત્ય એ કંઠસ્થ સાહિત્ય છે.

લોકસાહિત્ય એ મુખ્યત્વે નિરક્ષર લોકોના મૌખિક શબ્દ દ્વારા સર્જાતુ અને સંક્રમિત થતું સાહિત્ય છે.[૨] આ ઉપરથી લોકસાહિત્ય વિશે કહેવું હોય તો એટલું ચોક્કસ કહી શકીએ છે કે લોકોનાં હૃદયમાં જ લાગણીઓ, ભાવ, ઊર્મિ, હર્ષ, શોક વગેરે પ્રગટે તેનું લોકબોલીમાં રજૂઆત એટલે કે લોકસાહિત્ય એટલે લોકબોલીમાં, લોકો વડે, લોકો માટે જ જે અચાનક જ રચાઈ જાય કે જેમાં લોકજીવનનું પ્રતિબિંબ જોઈ શકાય તેને લોકસાહિત્ય કહેવામાં આવે છે.

લોકસાહિત્ય ઘણા સમયથી ચાલ્યું આવે છે. એટલે સમયના, સમાજના બદલાવ સાથે તે પણ બદલાયું છે. તેમાંથી કેટલુંક અસ્ત પામ્યું છે તો તેમાં ઘણું ઉમેરાયું પણ છે. આ લોકસાહિત્ય ગામલોકો, ગામવિસ્તારોમાં, આદિવાસીઓમાં, દરિયાકિનારે, રણપ્રદેશમાં – રખડતી ભટકતી જિંદગી ગાળતા માનવજૂથોમાં તે જીવંત અને પ્રચલિત રહ્યું છે. તેમાંય સૌથી વધુ તો લોકસાહિત્ય સ્ત્રીઓમાં કંઠસ્થ ને જીવંત રહ્યું છે.

લોકસાહિત્યનો અભ્યાસ છેલ્લાં બસો વર્ષથી થતો રહ્યો છે. આ અભ્યાસથી લોકજીવન જાણવા મળ્યું. લોકસાહિત્યના આધારે લોકોનું જીવાતું જીવન, ખોરાક, પોશાક, રહેઠાણ, રીત–રિવાજો, રહેણી–કરણી, વ્રત–ધર્મની માન્યતાઓ જાણવા મળી અને તેના આધારે તેમાંથી પ્રગટ થતું લોકમાનસ સમજાયું. આ લોકસમાજને તેની લોકકથાઓ, લોકવિદ્યાઓ છે, તેમની આર્થિક સંકડામણ સાથે ગરીબીમાં પડેલી અમીરાત છે. તેમનાં વચન ને ટેક છે. તેમનાં પ્રેમને શૌર્ય છે, તેમનાં જીવનમૂલ્યોને સંસ્કારો છે. આ લોકઊર્મિઓ સાથે જ તેમની શ્રદ્ધાઓમાં પડેલી સુંદરતાને ઉદાત્તતા જોવા મળે છે. જેને વિરાટ સંસ્કૃતિ નામે ઓળખી શકાય.

## ◈ માનવીનો ઉષઃકાળ :

માનવીનો બીજો સ્વભાવ છે પોતાના જીવનમાં મુશ્કેલીનો કોઈક તોડ કાઢવાનો આ સ્વભાવે એને વિચારતો કર્યો, સંશોધન કરતો કર્યો. પુરુષાર્થી બનાવ્યો ને પ્રકૃતિનાં રહસ્યો પામવાની ગડમથલ કરતો કર્યો એની વિચારશક્તિના વિકાસમાં એ પ્રકૃતિનાં પરિબળો વિષે કૈં કૈં કલ્પના કરતો થયે કહે છે કે વિશ્વનાં જે પુરાણો છે, પુરાણોના જે કથાનકો છે અને કથાનકોનાં જે પાત્રો છે એના મૂળમાં આદિમાનવની આ કલ્પનાશક્તિ પડેલી છે. અંગ્રેજીમાં એને Mith Making કહે છે. ઝંઝાવાતો વિષે પોતાની રીતે કલ્પના કરી, સૂર્ય,ચંદ્રને તારાઓની ગતિ વિષે કલ્પના કરી, ઋતુઓ વિષે વિચાર્યું. વિશ્વની રચનાને બ્રહ્માંડનો વ્યવહાર એને અદ્ભુત ચમત્કારિક લાગ્યો. મનનું સમાધાન મેળવવા માટે કંઈક મેળ બેસાડવો જ પડતો રહ્યો. આમ વિચાર કરતાં કરતાં એનામાં કલ્પનાશક્તિનો વિકાસ થયો. હૃદયના ભાવ અને કલ્પનાનો મેળ મળતાં એમાંથી ગીતનો કાવ્યનો જન્મ થયો. માનવજાતિનો એ ઉષઃકાળ હતો.[૩] આપણે જાણીએ છીએ કે માનવીએ વિચારશીલ પ્રાણી છે. તે વિવિધ કલ્પનાઓમાં રાચતો રહે છે અને એ કલ્પનાને સાકાર કરવા તે કાંઈને કાંઈ નવું સર્જન કરવા પ્રેરાય છે અને તેમાંથી શરૂઆત થાય છે નવસર્જનની અને આ સમય

માનવી માટે સુવર્ણકાળ ગણાય છે. કારણકે તે કંઈક નવું કરવા માટે ઉત્સાહિત થાય છે અને એ ઉત્સાહને કારણે એ સમયમાં એ ઘણું બધું ઉત્તમ સર્જન કરે છે. આમ, માનવીના વિચારો, એની કલ્પનાએ જ માનવીને કંઈક સર્જન માટેની પ્રેરણા આપી તેની જિંદગીના સુવર્ણ સવારની અનુભૂતિ કરાવી છે.

## ◈ સાહિત્યનું મૂળધન :

લોકોના આ પુરાણ–કલ્પનમાં એકની એક કથા અનેક સ્વરૂપ પામતી ગઈ. એકનાં એક પાત્રો અનેક રૂપે કલ્પાયાં. એકનું એક ગીત–કાવ્ય અનેક રૂપ પામ્યું. વૈદિક–ઋષિઓનાં મંત્રોમાં આ લોકરૂઢ કલ્પના પડી છે. ગાથાઓમાં આ લોકકાવ્ય પડ્યું છે. વિવિધ શાસ્ત્રોની કથામાં આ લોકવાર્તા પડી છે. યજ્ઞો ને બલિના મૂળમાં આ લોકધર્મો પડ્યાં છે.

લોકકંઠે જીવતું અને લોકજીભે રમતું આ લોકસાહિત્ય કાળે કાળે શાસ્ત્રોમાં, પુરાણોમાં, બૃહત્કથાઓમાં, નાટ્યોમાં ને નવલકથાઓ સુધી સંઘરાતું ને સ્થાન પામતું જ રહ્યું છે. સભાનપણે ખેડાયેલું શિક્ષિતોનું સાહિત્ય, કલાપ્રવૃત્તિ કે જ્ઞાનપ્રવૃત્તિ આ લોકસાહિત્યમાંથી પ્રેરણા લઈને રચાયેલ છે. શ્રી કાકાસાહેબ કહે છે કે : ‘‘લોકગીત એ સાહિત્યનું મૂળધન કહેવાય. લોકવાર્તા જેમ ઈતિહાસ, પુરાણ અને નવલકથા ઈત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે તેમ લોકગીતો એ ખંડકાવ્ય અને મહાકાવ્ય, વીણાકાવ્ય અને ચારણકાવ્ય, નાટક અને ચમ્પૂ– દરેક રસાત્મકકૃતિનું મૂળ છે.[૪] આપણે ઘણી જગ્યાએ જોઈશું તો જણાશે કે ઘણાં વિદ્વાનો–પંડિતો તેમજ શિષ્ટ સમાજને આ લોકસાહિત્ય, લોકસમાજ તરફ અણગમો હોય છે. એક પ્રકારની સૂગ હોય છે. પરંતુ આ શિષ્ટ સમાજના લોકો–પંડિતો એ ભૂલી જાય છે કે આ લોકસાહિત્ય જ શિષ્ટ સાહિત્યની જનની છે કેમ કે વ્યક્તિ જ્યારે શિક્ષિત બને, શિષ્ટ બને, તેના સમાજનો વિકાસ થાય ત્યારે જે સાહિત્ય રચાય તેને શિષ્ટ સાહિત્ય કહેવામાં આવે છે. પરંતુ વ્યક્તિ શિક્ષિત બને તે પહેલાંથી જ

લોકસાહિત્ય તો ચાલ્યું આવે છે તેથી લોકસાહિત્ય એ શિષ્ટ સાહિત્યની જનની છે એટલું જ નહીં પરંતુ સાહિત્યની સાચી મૂડી– મૂળધન પણ છે.

## ◈ લોકગીતોનો પ્રારંભ :

જીવન પાંગરતું ગયું. કોઈ નિયતિ, કોઈ નિયામક તત્ત્વ, કોઈ પરાશક્તિનો અનુભવ લોક કરવા લાગ્યો. એને કારણે દેવત્વ પૂજાતું થયું ને દેવ–દેવીઓની પૂજા–બલિ વગેરેનાં સ્તવનો શરૂ થયાં. આંતરિક અને આક્રમકો સામેની નાની મોટી લડાઈઓ શરૂ થઈને એમાંથી શૌર્ય પૂજા શરૂ થઈ ને શૂરવીરોનાં ગીતો રચાવાં શરૂ થયાં. એવાં ગીતોમાં શૌર્યની–શૂરવીરોની કથાઓ વણાતી શરૂ થઈ ને એની ગણના ગાથાઓમાં થવા લાગી. ઋતુઓનાં પરિવર્તનથી મોસમનાં ગીતો શરૂ થયાંને આમ પ્રકૃતિથી માંડીને પરાશક્તિનાં અને પરાશક્તિથી માંડીને શૌર્ય પૂજાનાં ગીતો રચાવાં શરૂ થયાં. બીજી બાજુ માતૃત્વની ઝંખનાથી માંડીને મોક્ષ પામવા સુધીનાં ગીતો રચાયાં.

માનવી પોતે જોયેલું, જાણેલું, સાંભળેલું કે અનુભવેલું બીજા પાસે પ્રગટ કરવાથી જ એ સમભાવ પ્રાપ્ત કરી શકે છે. વિશ્વની અદ્ભુતતાએ માનવીને કૌતુકપ્રિય, કુતુહલપ્રિય અને જિજ્ઞાસુ બનાવ્યો છે ને અનેક પ્રકારે આકર્ષણ જન્માવ્યાં છે.[૫] માનવી સમાજમાં રહે છે તેથી તેને સામાજિક પ્રાણી તરીકે ઓળખવામાં આવે છે. માનવી જ એક એવું પ્રાણી છે કે તેનામાં જેટલી જિજ્ઞાસા હોય છે એટલી બીજા કોઈમાં હોતી નથી. તેને નવું નવું જાણવાની સદા ઉત્સુકતા હોય છે અને એને કારણે જ આપણે જોઈ શકીએ છે કે વર્ષો પહેલા માનવી એ વિવિધ વૃક્ષો પર તેમજ ગુફાઓ પર અને પથ્થરો પર તે ચિત્ર દોરતો હતો તે તેની જિજ્ઞાસાવૃત્તિને કારણે જ શક્ય હતું અને કાળક્રમે એની જિજ્ઞાસાવૃત્તિ વધતી ગઈ અને નવું નવું માનવી સર્જન કરવા માંડ્યો અને એ જિજ્ઞાસાવૃત્તિને લીધે તે પોતાના હૃદયની ઊર્મિઓને એ ગીતો દ્વારા રજૂ કરતો થયો.

## ◈ લોકગીત નામાભિધાન :

ગુજરાતની સ્ત્રીઓમાં મુખપાટીએ ગવાતાં કંઠસ્થ ગીતોનું 'લોકગીત' નામાભિધાન શ્રી રણજિતરામ વાવાભાઈએ ઈ.સ.૧૯૦૫ની પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપ્યું. તેમણે 'Folk-Song' ઉપરથી 'લોકગીત' એ શબ્દપ્રયોગ પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં વાંચેલા નિબંધમાં કર્યો. ને પછી 'લોકગીત' એ શબ્દપ્રયોગ કંઠસ્થ મુખપાટીના ગીત માટે પ્રયાજાવો શરૂ થયો. સર્વશ્રી ઝવેરચંદ મેઘાણી, ગોકુલદાસ રાયચુરા, જયમલ્લ પરમાર વગેરેએ કંઠસ્થ પદ્ય–ગીત સાહિત્ય માટે 'લોકગીત' એ શબ્દ સ્વીકારી લીધો અને મુખપાટીના ગીત, પરિચય કે વિવેચન માટે 'લોકગીત' શબ્દને રૂઢ બનાવી દીધો. હવે તો કંઠસ્થ મુખપાટીના તળપદ દેશ જ ગીતના પર્યાય તરીકે 'લોકગીત' નામ પ્રયોજાતું રહી, છેલ્લાં ૭૫ વર્ષમાં ચલણી સ્વરૂપે સ્વીકારાઈ ગયું છે.[૬] સામાન્ય રીતે આપણે લોકગીતના જન્મ વિશે જાણવાનો પ્રયાસ કરીશું તો તેના મૂળ સ્ત્રોતને શોધવું ખૂબ જ મુશ્કેલ છે કેમ કે સૌપ્રથમનું લોકગીત કયું છે અને તેનો સમયગાળો કયો છે તે કહેવું ખૂબ જ મુશ્કેલ છે. માનવી જયારે કુદરતના ખોળે પોતાનું જીવન જીવતો ત્યારે એની સામે અનેક ઘટનાઓ બનતી એ ઘટનાઓને જોઈ એનાં હૃદયમાં જે ભાવો જાગ્યા ત્યારે તેનાથી સહજતાથી ગવાઈ ગયું હશે અને એમાંથી લોકગીતનો જન્મ થયો હશે એમ કહી શકાય પણ તેનો ચોક્કસ સમય કહી ના શકાય. તેમ છતાં ઈ.સ.૧૯૦૫માં રણજિતરામ વાવાભાઈએ ગુજરાતી સાહિત્ય પરિષદમાં લોકગીત વિશેનો નિબંધ વાંચ્યો હતો ત્યારથી લોકગીત શબ્દ પ્રચલિત થયો એમ કહી શકાય.

## ◈ લોકગીત :

લોકસાહિત્યમાં સૌથી લોકપ્રિય અને વિશેષ વ્યાપી સ્વરૂપ લોકગીતનું છે. માનવભાવ એના યથાર્થ રૂપમાં લોકગીતમાં જ અભિવ્યક્ત થયો છે. શહેરમાં વસતાં કે

ગામડામાં વસતા, મેદાનમાં વસતા કે જંગલમાં વસતાં સૌ લોકની પ્રવૃત્તિ ગીતોથી ભરેલી છે. આથી જ તો લોકગીતનું સ્વરૂપ લોકસાહિત્યના સઘળાં સ્વરૂપોમાં વિશેષ વ્યાપક અને લોકપ્રિય બન્યું છે.[૭]

લોકસાહિત્યની કથાઓ જેટલો જ મોટો વ્યાપક વિભાગ લોકગીતોનો છે જે રચનાઓ વિશ્વના મોટાભાગના બધા જ પ્રદેશોમાં એમાં વસતી જાતિ કે જાતિઓ દ્વારા ગવાતી આવે છે અને જેમનો કોઈ એક રચયિતા નિશ્ચિત કરી શકાતો નથી તેવું રચનાઓનું રૂપ કેટલેક અંશે જુદું હોય છે. આવી રચનાઓ કંઠપ્રવાહમાં વહેતી રહે છે અને તેમાં જાતિ–જ્ઞાતિ પ્રદેશ–પ્રસંગ અને સમય પ્રમાણે પરિવર્તન થતાં રહે છે એનો પ્રાણ કે આત્મા લોકતત્ત્વ છે એ સરલ અને તરલ હોય છે. એ આત્મલક્ષી ઉદ્ગાર સ્વરૂપે હોય તો પણ નિરૂપિત ભાવ આત્મલક્ષી નહિ, પરંતુ સર્વસ્પર્શી હોય છે. લોકોને એમાં પોતાનો ભાવોચ્છ્વાસને નાડીનો ધબકાર અનુભવાય છે. એના ઢાળ મધુર પરંતુ સરળ હોય છે. આરંભના મુખડામાં મર્મને સ્પર્શવાની શક્તિ હોય છે. એનું માળખું પણ નિશ્ચિત પ્રકારનું પરંપરાગત હોય છે. જેથી એક વખત સાંભળતાંની સાથે જ એ યાદ રહી જાય છે.[૮] કહેવાય છે કે લોકગીતનાં રચનારાઓમાં મોટેભાગે અભણ પ્રજાનો સમાવેશ થાય છે. તેમને સાહિત્યના ભારેખમ શબ્દોની સમજ હોતી નથી. તેઓ લોકગીત માટે જે શબ્દોનો ઉપયોગ કરે છે તે શબ્દો તો આપણે રોજબરોજના વ્યવહારમાં ઉપયોગમાં લઈએ છે એ શબ્દો ખૂબ જ સામાન્ય અને સહજ હોવા છતાં હૃદયસ્પર્શી હોય છે. સાંભળતાની સાથે અનેરા આનંદનો અહેસાસ થાય છે. એ શબ્દોમાં પોતીકાપણાનો ભાવ રહેલો છે તેથી જ તો તે સરળતાથી યાદ રહી જાય છે અને યાદ રહેવાનાને કારણે તરત જ લોકકંઠે વહેતું પણ થઈ જાય છે.

કેટલીક કવિકૃતિ રચનાઓ પણ લોકોના કંઠે જ વહેતી હોય છે. આવી રચનાઓનો કુળગત અને મૂળગત સંબંધ લોકગીત સાથે હોય છે. પરંતુ એ કવિકૃત રચના હોવાથી એનો

સમાવેશ લોકગીતમાં કરવામાં આવતો નથી. લોકગીત તરીકે અસ્તિત્વ ધરાવતી કેટલીયે રચનાઓ આરંભમાં તો કોઈ એક વ્યક્તિએ રચેલી હોય છે. લોકસમૂહ પોતે જ કંઈ કોઈ નવી રચના કરતો નથી, કરી શકતો નથી. જોડકણાં, ફટાણાં, શ્રમગીત, ધૂન વગેરે કેટલાંક એવા ગીતપ્રકારો છે, જે ગવાતા જાય અને ગાનાર એમાં કડી જોડીને ઉમેરણ કરતા જાય ને એ રીતે આખું નવું ગીત તૈયાર થાય. આ રીતની સામૂહિક રચનાનો અવકાશ ઓછો હોય છે અને આ રીતે તૈયાર થાય એ જેટલું નવું હોય એટલું જૂદું ન હોય અને પોતાની પરંપરા ઊભી કરીને ટકાવી રાખવાનું કૌવત પણ એમાં ન હોય.

આથી લોકગીતમાં પણ જે સિદ્ધ રચનાઓ છે તે પણ આરંભે તો વ્યક્તિકૃત જ હોય છે; પરંતુ એનું આંતરબાહ્ય સ્વરૂપ પરંપરાગત લોકગીતના કુળનું હોય છે અને લોકોના કંઠે ચડી વિરહતું જાય છે તેમાં બિનજરૂરી અને સામાન્ય હોય તે ઘસાતું જાય છે અને એમાં જે બદલાય કે ઉમેરાય છે તેમાં લોકગીત તરીકે ટકાવે એવું કૌવત હોય છે. એક તબક્કે આવી પ્રક્રિયા પૂરી થાય અને રચના લોકગીત તરીકે સિદ્ધ થઈને રહે. આમ લોકગીત પણ આરંભમાં વ્યક્તિકૃત રચના તરીકે જન્મે છે અને એનું પૂરું રૂપ લોકપરંપરામાં બંધાય એમ બને આથી વ્યક્તિકૃત અજ્ઞાતકર્તૃક ગીત રચના કરતાં લોકગીત તાત્ત્વિક રીતે જુદું પડે છે અને એને વ્યક્તિકૃત ન માનતાં લોકકૃત માનવામાં આવે છે.[૯] લોકગીતની રચનાની વાત કરીશું તો મોટેભાગે લોકગીતની રચનાની શરૂઆત તો એક વ્યક્તિ દ્વારા જ થતી હોય છે. પરંતુ લોકસમૂહમાં આવતાં તેમાં લોકો દ્વારા અલગ–અલગ કડીઓનું ઉમેરણ થતું જાય તેમજ વધારાનું હોય એ નીકળતું જાય એમ કરતાં કરતાં એ લોકગીત આગળ વધે છે અને આ ક્રમ થતો રહે છે છેવટે એક સમયે એમાં સ્થિરતા આવી જાય છે. આમ એક રીતે તો એક વ્યક્તિ દ્વારા ફેરફાર પામ્યા બાદ છેલ્લે સ્થાયી થયેલ ગીત–લોકગીત બને છે. એ ગીતની રચનામાં કેટલાયે વ્યક્તિઓનો હાથ હોય છે. આમ, આ લોકગીત વ્યક્તિગત ન રહેતા લોકગીત બને છે.

હકીકતમાં લોકગીત એટલે પરંપરામાંથી ઊતરી આવ્યું હોય અને જેનાં કતૃત્વ અંગે કોઈ એક વ્યક્તિનો દાવો ન હોય અને જેને લોકો જતન કરીને ટકાવ્યું હોય એ નરસિંહની રચના પ્રાચીન હોય છતાં એના પર નરસિંહના કતૃત્વની મુદ્રા અંકાઈ છે. પરંતુ હજી પચાસ–સો વરસ પહેલાં દહેજના ત્રાસમાં જીવતરને જલાવી દેતી કુળવધૂઓ 'મા રે મા મને મળવા આવ્ય, કાળી અતલસનું કાપડ લાવ્ય' જેવી હૈયાવેદના ઠાલવી હોય તો એ વેદના એકની ન રહેતાં તમામ નારીની બની ગઈ હોય, તો એ લોકગીત બને છે. આ રચના કોણે લખી હશે એની ખબર નથી. એમાં રહેલી વેદના એને આકાર આપનાર વ્યક્તિની મટી સમાજની થઈ ગઈ છે.[૧૦] આમ જેનો કોઈ એક રચયિતા નિશ્ચિત કરી શકાતો નથી તેવી રચનાઓને લોકગીત કહે છે. આમ, લોકહૃદયને ડોલાવનાર અને પડઘો પાડનાર ગીતને લોકગીત કહે છે.

લોકગીતનો જીવનચક્ર અને ઋતુચક્ર સાથે લોકજીવન સાથે પ્રત્યક્ષ સંબંધ હોય છે. જીવનચક્ર સાથે સંકળાયેલાં લોકગીતોમાં સીમંત, છઠ્ઠી, જનોઈ, વિવાહ, લગ્ન વગેરેનાં સંસ્કારગીતોનો સમાવેશ થાય છે. જન્મ અને મૃત્યુ એ બે આંરભ અને અંતના સંસ્કારવિધિના એવા તબક્કા છે; જેમાં વ્યક્તિ પોતે સામેલ હોઈ શકતો નથી. નવજાતના જન્મનો આનંદ અને મૃત્યુનો શોક અન્ય અનુભવે છે. આથી સીમંતના અને મરણોત્તર સંસ્કારવિધિ અનુષંગે ગવાતા છાજિયા–રાજિયા–મરશિયા સિવાયનાં સંસ્કારગીતોમાં મુખ્ય વ્યક્તિ અને તેનો મનોભાવ કેન્દ્રમાં હોય છે. કેટલાંક લોકગીતો એવાં છે જેનો પ્રત્યક્ષ સંબંધ વ્યક્તિ જીવનના સંસ્કારવિધિ સાથે નથી, પરંતુ વયના તબક્કા સાથે હોય છે. હાલરડાં, જોડકણાં, વરત ઉખાણાં, રમત–ગમત ગીતો, કિશોરોની લગ્નેચ્છા અને ભાવિ દામ્પત્યના સુખદુઃખનું નિરૂપણ કરતાં ખાયણાં, કોઈ ભાગેડુ લગ્નના પરિણામનો ભોગ બની દુઃખી બનેલી બાળાની વેદનાના રાસડા, પતિ–સાસુ–નણંદ જેવા સંબંધીઓના ત્રાસથી હારેલી–થાકેલી સ્ત્રીની વેદનાનાં ગીતો, પતિ પરદેશ જતો હોય કે પરદેશથી આવતો હોય તે સમયની ક્ષણ ઝડપીને ગીતોમાં ગવાતી અવનવાં વસ્ત્રાભૂષણની

અપેક્ષાઓ અને ઈચ્છાઓને વ્યક્ત કરતાં ગીતો : આવાં અનેક લોકગીતોનો સંબંધ સ્ત્રી–જીવનના વયના નિશ્ચિત તબક્કા સાથે છે. ભારતના અનેક રાજ્યોનાં આવાં ગીતોમાં ઘણું સમાન છે; એટલું જ નહીં પરંતુ પશ્ચિમના સમાજમાં ગવાતાં ગીતો સાથે પણ અનુબંધ છે ત્યાં પણ પરિણીતા માતા–પિતા અને ઘરકુટુંબને ઝંખતી હોય એવા મનોભાવનાં ગીતો ગવાતાં રહ્યાં છે. જીવનચક્ર સાથે વિવિધ પ્રકારનાં શ્રમગીતો પણ સંકળાયેલાં છે.[૧૧] હકીકતમાં જોઈશું તો જણાશે કે આપણું જીવન અને આપણાં આસપાસનાં વાતાવરણનું પ્રતિબિંબ એ લોકગીતમાં દેખાય છે કેમકે આપણાં જીવન સાથે એટલે કે વ્યક્તિના જન્મથી લઈને મૃત્યુ સુધીનાં જે પ્રસંગો આવે છે એ દરેકને લઈને આપણામાં સુખ–દુઃખની લાગણી પ્રવર્તે છે અને એ દરમિયાન જે ગીતોની રચના થાય છે તેમાં આપણું જીવન દેખાય આવે છે. તેવી જ રીતે વાતાવરણની અસર પણ લોકગીતમાં દેખાઈ આવે છે કેમકે આપણે જેવા વાતાવરણમાં રહીએ છીએ તે મુજબ એટલે કે વિવિધ ઋતુઓ અનુસાર શ્રમ કરતાં હોઈએ છે તો તે દરમિયાન પણ ગીતો ગાવામાં આવે છે આમ, લોકગીતોનો સંબંધ વ્યક્તિના જીવન તેમજ ઋતુઓ સાથે રહેલો છે એમ કહી શકાય.

લોકગીતોને સાહજિક અને સીધો સંબંધ સ્ત્રીઓ અને સંસારજીવન સાથે છે. ગેય માધુર્ય એને પ્રાણ અને ક્રિયા અને નૃત્યની એમાં સંગત હોય છે આથી લોકગીતના શબ્દો અને ગેય ઢાળમાં લયનુ ચુસ્ત અને સાહજિકરૂપ બંધાયેલું જોવા મળે છે. લોકગીત કેવળ ઉત્સવ ઉજવવાનું અને આનંદ અભિવ્યક્ત કરવાનું માધ્યમ જ નથી. સંસ્કાર સિંચન કરવાનું વ્યક્તિ અને સમષ્ટિના આંતરનું ઘડતર કરવાનું તથા વિધિઓ અને એનાં ક્રમને દસ્તાવેજી રૂપમાં જાળવી રાખવાનું કામ પણ લોકવિદ્યાનો આ પ્રકાર કરે છે. સમાજમાં જે કંઈ સારી કે માઠી ઘટના ઘટી હોય છે તેના પર લોકગીતની રચના થાય છે અને તેમાં આવી ઘટના કાર્ય–કારણ સાથે જ આલેખવામાં આવે છે. આવું ગીત સમાજની અંતરની આંખ ઉઘાડે છે. લગ્નગીતોમાં મંડપ, પીઠી, હસ્તમેળાપ, ચોરી, વિદાય વગેરેનાં વિધિ પ્રમાણેનાં જે ગીતો છે તે વિધિઓ અને એના ક્રમને જાણીને તે પ્રમાણે કરવાનું એક પ્રકારનું

દસ્તાવેજીકરણ પણ છે. કયારે શું, કેમ કરવાનું છે તેની સમજ આવાં સંસ્કારગીતો આપે છે.[૧૨] ગેયતા એ લોકગીતની લાક્ષણિકતા છે જ્યાં સુધી ગવાય નહીં ત્યાં સુધી તે ગીત નથી. આમ લોકગીતનો સીધો સંબંધ ગેયતા સાથે છે તો ગેયતા જ્યાં હોય ત્યાં સ્ત્રી કેન્દ્રસ્થાને હોય છે. લોકગીત ફકત જનમનોરંજન માટે જ નથી પરંતુ તેમાં સમાજની દરેક ઘટનાનું આલેખન હોવાથી સમાજને તેના દૂષણો બતાવીને સમાજની આંખ ખોલવાનું તેમજ સમાજને સુધારવાનું કામ પણ લોકગીત કરે છે. આ લોકગીતે જ લોકોને નવી જીવનની દૃષ્ટિ આપી છે.

કોઈપણ પ્રદેશમાં વસતી વિવિધ જાતિઓની ભાષા અને તેની બોલીમાં જે પરંપરાગત ગીતો પેઢી દર પેઢી ગવાતાં રહે છે તેને લોકગીત કહેવામાં આવે છે.[૧૩]

આમ, સાહિત્યપ્રવાહની જે વ્યક્તિકૃત રચના છે અને એનાં જે કાર્ય છે તે કરતાં લોકગીતનાં આ રીતે તત્ત્વતઃ ભિન્ન છે. આથી સાહિત્યપ્રવાહના કોઈપણ ગીતપ્રકારથી લોકગીતએ પ્રકાર તરીકે જુદો છે. લોકગીત લોકોના કાર્યનો જ, એ પછી શ્રમ હોય, વિધિ હોય, કે ભક્તિ પણ હોય, તેનો સંલગ્ન ઘટક છે.

## ❖ લોકગીત : વિભાવના :–

લોકગીત પ્રકૃતિનું નિરંતર ગાન છે. આ લોકગીત ઓછામાં ઓછાં પૃથ્વીના અંત સુધી તો એમની સાર્વજનિકતા, સરળતા, પ્રવાહિતા અને સંઘોર્મિઓની ભાવવાહકતાને કારણે ટકશે.[૧૪]

લોકગીતો લોકો દ્વારા, લોકજીવનમાંથી, લોકોના આનંદ માટે રચાયાં છે જે કંઠસ્થ પરંપરાએ જીવતાં, વહેતાં, પસાર પામતાં રહ્યાં છે. આ પરંપરાગત લોકગીતો સમય, સ્થળ, પ્રદેશ, જ્ઞાતિ, બોલીભેદે ફેરફારો ધરાવે છે. જે અરણ્યવાસી, રણવાસી, દરિયાખેડુ

કે વિચરતી વિમુક્ત જાતિઓ છે તે તેનું અલગ અલગ રૂપ ધરાવે છે. આ લોકગીતો એ કવિની કાવ્યરચના નથી, લોકજીવનનો પડઘો છે.

લોકગીત વિશે અલગ–અલગ મહાનુભાવોએ પોતાના વિચારો આપ્યા છે. અહીં કેટલાંક વિદ્વાનોએ આપેલ લોકગીતની વ્યાખ્યાઓ મૂકું છું.

### ◈ ઝવેરચંદ મેઘાણી :

‘‘જેનાં રચનારાંએ કદી કાગળ અને લેખણ પકડ્યાં નહિ હોય; એ રચનારાં કોણ તેની જ કોઈને ખબર નહિ હોય; અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે તેનીય કોઈ ભાળ નહિ લઈ શક્યું હોય એનું નામ લોકગીત.’’[૧૫]

ઝવેરચંદ મેઘાણીજી જણાવે છે તે પરથી એટલું ચોક્કસ કહીશું કે લોકગીતની રચના કરનારે શિક્ષણ મેળવવાની જરૂર નથી એના રચનારાએ તો કાગળ કે પેન પણ જોયા ન હોય પરંતુ તે મૌખિક રીતે આગળ વધતુ રહી કેટલાંયે કાળ વીંધી આગળ વધતું રહે છે તેનું નામ તે લોકગીત.

### ◈ કાકાસાહેબ કાલેલકર :

‘‘લોકગીત એ સાહિત્યનું મૂળ ધન કહેવાય. લોકવાર્તા જેમ ઈતિહાસ, પુરાણ અને નવલકથા ઈત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે, તેમ લોકગીતો એ ખંડકાવ્ય અને મહાકાવ્ય, વીરકાવ્ય અને ચારણકાવ્ય, નાટક અને ચમ્પૂ– દરેક રસાત્મક કૃતિનું મૂળ છે.’’[૧૬] આપણે જાણીએ છીએ કે લોકગીતએ કેટલાંયે કાળ વીંધીને વહ્યું આવે છે જ્યારે ખંડકાવ્યો, મહાકાવ્યો, વીરકાવ્યો વગેરેની રચના તો લોકગીત પછીથી કેટલાય વર્ષો પછી થઈ આ રીતે જોતાં લોકગીત એ સમગ્ર સાહિત્યની જનેતા છે.

## ◈ રણજિતરામ વાવાભાઈ :

"લોકગીતનો ઉષાકાળ તો સાહિત્યનો ઉષાકાળ છે. વસ્તુતઃ સાહિત્યનો ઉદ્ભવ લોકગીતમાંથી જ થયો છે. દરેક પ્રજાનું સાહિત્ય પ્રથમ ગાથા અથવા ભજનોના રૂપમાં આર્વિભાવ પામ્યું છે. કવિતા અને સંગીતના અંશ માનવ આત્મામાં વસેલા છે. માનવીના હૃદયની વાંચ્છનાઓ અને આત્માની અભિલાષાઓ આ બન્નેના આશ્રયે વ્યક્ત થાય છે. જેવી રીતે વાતાવરણમાં નિવસતું બાષ્પ આપણી ચામડીને શિશિરમસૃણ કરે છે તેમ આ બન્ને (કવિતા અને સંગીત) આપણા જીવનને કરે છે."[૧૭] અહીં રણજિતરામ વાવાભાઈએ લોકગીતને જ સમગ્ર સાહિત્યનું ઉદ્ગમ સ્થાન ગણાવ્યું છે. માનવી જ્યારથી લાગણીઓ, ભાવનાઓનો અનુભવ કરતો થયો ત્યારથી આ લોકગીતો અસ્તિત્વમાં આવ્યા છે. આમ, આ લોકગીતો એ સમગ્ર સાહિત્યનું ઉદ્ગમસ્થાન છે.

## ◈ બાબુ ભગવાનદાસ :

"લોકગીતોની રસની માત્રા તો વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ, ભવભૂતિ, તુલસીદાસ અને સૂરદાસની પણ અધિક છે."[૧૮]

## ◈ મણિલાલ નભુભાઈ દ્વિવેદી :

"આપણા લોકોમાં ચાલતી નાની–નાની અભણ જેવી કવિતાઓ જેમાં ઘણો મર્મ અને ઊંડો અનુભવ રહેલો હોય છે. ખેતી કરતાં, રાંધતાં, ચાલતાં, પરણતાં, પ્રેમ કરતાં અનેક પ્રસંગે ગામડામાં લોકો જે ગીત, રાસ, દુહા આદિ મોઢેથી બોલે છે. તેનો પણ સવેળા સંગ્રહ થવાની પૂર્ણ આવશ્યકતા છે. એમાં આપણા દેશનો ઇતિહાસ આપણા લોકનો અનુભવ ઘણી સારી રીતે રહેલો છે."[૧૯] આપણે જાણીએ છીએ કે લોકગીત એ તો

વ્યક્તિના અંતઃમનની સ્ફૂરણા છે. વ્યક્તિને ગમે ત્યારે મનમાં કંઈક સ્ફૂરે તેને તે ગાઈ ઊઠે છે એ લોકગીત છે.

## ◈ જયમલ્લ પરમાર :

"લોકગીત એ મૌખિક પરંપરા છે. એમાં બહુજન સમાજની ચેતના રહેલી છે. એ અજ્ઞાત વ્યક્તિ કે વ્યક્તિઓ દ્વારા પરિવર્તન પામતાં રહી સામુદાયિક અભિવ્યક્તિનો ઘાટ પકડતાં જાય છે. લોકગીત એ સંવેદન–પ્રેરિત માનવહૃદયની રસાત્મક અનુભૂતિની રાગાત્મક અભિવ્યક્તિ છે."[૨૦] માનવીએ સંવેદનશીલ પ્રાણી છે ને સુખદુઃખ, હર્ષ–શોક વગેરે લાગણીઓ અનુભવે છે અને એની લાગણીઓને એ ગીત દ્વારા અન્ય સામે વ્યક્ત કરે છે તેને લોકગીત તરીકે ઓળખવામાં આવે છે.

## ◈ રામસિંહજી ઠાકુર, સૂર્યકરણજી પારીક અને નરોત્તમદાસ :

આ રાજસ્થાની વિદ્વાનોનો મત છે – "લોકગીત દેશના આત્માનાં પરિચાયકો છે. લોકગીતોમાં દેશનું ચરિત્ર, લોકોના મનોભાવ અને માનવજાતિની પ્રતિભા ભરી છે. માનવજીવનની, એના ઉલ્લાસની, ઉમંગોની, રૂદનની, સમસ્તની કહાણી આ ગીતોમાં અંકિત છે. ખબર નથી કે કેટલો કાળ ચીરીને એ ચાલ્યાં આવે છે. કાળનો વિનાશકારી સ્વભાવ એને જરીકે બગાડી શક્યો નથી. સર્વભક્ષી કાળના એને મિટાવી દેવાના પ્રયત્નો નિષ્ફળતા પર હસતાં આ ગીતો જનતાની જીભ ઉપર નાચી રહેલ છે. કાળ ખિજાય છે એને ભાંગે છે, મરડે છે, પણ મિટાવી નથી શકતો. કાળાંતરથી એનાં બાહ્ય સ્વરૂપો બદલાય છે, ભાષાનું આવરણ ધીરે ધીરે બદલાય છે. પણ ભીતરી પ્રાણતત્ત્વમાં કંઈ ફરક પડતો નથી."[૨૧]

## ◈ શ્રી કે.કા. શાસ્ત્રી :

લોકસાહિત્ય–ગીતની વ્યાખ્યા આપતાં શ્રી કે.કા.શાસ્ત્રી કહે છે. "આપણી એ રૂઢ માન્યતા છે કે લોકસાહિત્ય એટલે એવું સાહિત્ય કે જે આપણા સુધી મુખ પરંપરાએ ઊતરી આવેલું છે અને જે લોકોની જીભ ઉપર જ રહેલું છે. જે જૂનું પણ હોય અને જેનો ઉગમ નવો પણ હોય – આ સાહિત્ય કોઈ એક ચોક્કસ કર્તા કે કર્તાઓની કૃતિ તરીકે જાણવામાં આવ્યું ન હોય."[૨૨]

## ◈ રામનરેશ ત્રિપાઠી :

હિંદીભાષી લોકગીતોમાં સંશોધક–સંપાદક અને સમીક્ષક રામનરેશ ત્રિપાઠીના મતે – "ગ્રામગીત પ્રકૃતિના ઉદ્‌ગાર છે. એમાં અલંકાર નહિ, કેવળ રસ છે. છંદ નહિ કેવળ લય છે. લાલિત્ય નહિ, કેવળ માધુર્ય છે. ગામડાના સ્ત્રી–પુરુષોની વચ્ચે હૃદય નામના આસન પર બેસીને પ્રકૃતિ ગાન કરે છે. પ્રકૃતિનું એ ગાન તે લોકગીત છે."[૨૩]

## ◈ વાસુદેવ શરણ અગ્રવાલ :

લોકગીતોને "કદાપિ ન સુકાઈ જનારો સજીવન સ્ત્રોત" કહ્યો છે.[૨૪]

## ◈ મોહનદાસ કરમચંદ ગાંધી :

"લોકગીતોમાં ધરતી ગાય છે, નદીઓ ગાય છે, પર્વત ગાય છે, ફસલો ગાય છે, ઉત્સવ અને મેળા ગાય છે."[૨૫]

ઉપરોક્ત મહાનુભાવોએ લોકગીત માટે અલગ અલગ વ્યાખ્યાઓ આપી છે. એ પરથી એટલું તો ચોક્કસ કહી શકાય કે લોકગીત એ લોકોની સામુહિક ચેતના અને

ભાવનાઓનો આર્વિભાવ છે. लोकगीत किसी संस्कृति के मुंह बोलते चित्र है ।[૨૬] તેની રજૂઆત કોઈ નિયમોને આધીન ન હોય. ઉન્મુખ અને સ્વચ્છંદ સ્થિતિમાં લોકગીતો જન્મે છે. લોકગીત કયારેય ખાબોચિયાની જેમ બંધિયાર રહેતું નથી. તે તો એક નિરંતર વહેતી, અવનવા પ્રવાહો અને વિવિધ શાખા–પ્રશાખાઓને પોતાનામાં સમાવિષ્ટ કરતી, કયારેક નિયત માર્ગ બદલીને ફાંટાબાજ બની જતી, ચંચલ અને પરિવર્તનશીલ નદી જેવું છે.[૨૭] લોકગીત તો કોઈપણ બંધન વિના સરળ, લોકબોલીમાં ઊર્મિઓની અભિવ્યક્તિ છે. લોકગીતમાં તો લોકજીવનમાં અવ્યક્ત મનોસંવેદનો અનાયાસે જ ગેય રૂપમાં અભિવ્યક્ત થાય છે. ગ્રામ્યનિવાસી, ખેડૂત, પશુપાલક, શ્રમજીવીઓના અંતરના ઉદ્‌ગારો, માનવહૃદયની પ્રત્યેક ઊર્મિઓને, સમાજની ગતિવિધિને, પ્રેમ, મૂર્ખાઈ પણ લોકગીતમાં આવે છે. લોકગીત જન્મથી મૃત્યુ સુધીના રીત–રિવાજો, ભાવસંવેદનો સમાજજીવનને પ્રગટ કરે છે.

“લોકગીતનું વહન લોકસાહિત્યનાં બીજાં અંગોની જેમ જ કંઠોપકંઠ થતું આવ્યું છે. જૂની પેઢી પાસેથી નવી પેઢી લોકગીતોને સ્મરણશક્તિમાં મઢી લેતી. આમ, પેઢી દર પેઢીથી સચવાતું આવ્યું છે. લોક–લોકોનું ગીત એ લોકગીત ‘લોક’ની ઊર્મિઓ, સંવેદનાઓ અને ભાવોને રજૂ કરતું ગીત.” [૨૮]

લોકગીત તળપદ દેશ જ પ્રજાનું પરંપરાથી ઊતરી આવેલું ગેય ગીત છે. આ ગીતોની રચના કરનાર વિશેષતઃ નારી હશે તેવું અનુમાન કરી શકાય કારણ કે નારી સહજ ઊર્મિ, સરળતા, આવેગ, સંવેગ વગેરે તેમાંથી પામી શકાય છે. તે બહુધા બોલચાલની ભાષામાં રચાયેલાં છે તેથી ભાષાની દષ્ટિએ પણ તે સરળ છે.

## ❖ લોકગીતના લક્ષણો :

ગીતોને માનવીના સ્વાભાવિક ભાવનાત્મક સ્પંદનો સાથે સીધો સંબંધ છે. એટલો સંબંધ વાણીના કોઈ અન્ય સ્વરૂપને નથી. આમ જોવા જઈએ તો ગીતના જેટલા પ્રકારો છે તે દરેકના આગવા વિષયો છે અને દરેકની આગવી રજૂઆત પદ્ધતિ છે. આમ છતાં લોકગીતની સંરચના અને સંવિધાન વિશે કેટલાંક સર્વસામાન્ય લક્ષણો તારવી શકાય છે. લોકગીતનાં લક્ષણો નીચે પ્રમાણે આપી શકાય.

✱ **એના રચનાર અજ્ઞાત છે.**[૨૯] **:** લોકગીતની રચના કોણે કરી તે અજ્ઞાત છે. કારણ કે જે લોકગીત રચીને ગાય છે તે તેમાં તેનું નામ જોડતો નથી. સાચા અર્થમાં તે પોતાની કૃતિને લોકાર્પણ કરે છે. એટલે લોકગીતનો રચયિતા કોઈ વ્યક્તિ તો છે જ પણ તે પોતાનું નામ મૂકવાની ખેવના રાખતો નથી. તેથી લોકગીત કોણે, કયારે, કયાં રચાયું તે નિશ્ચિત થઈ શકતું નથી. વળી લોકગીત લોકકંઠે વહેતું ચાલે છે. તેમાં બીજી વ્યક્તિઓ પણ પોતાની પંક્તિઓ ઉમેરતો જાય છે. આ રીતે આ પંક્તિઓ ઉમેરાતાં ઉમેરાતાં આ લોકગીત ઘણાં ફેરફાર પામીને પણ જીવંત રહ્યું છે.

✱ **એ સહજસ્ફૂરિત છે.**[૩૦] : લોકગીત એ લોકોનું સહજ સર્જન છે. કોઈપણ જાતના દંભ વિના અન્યને કેવું લાગશે તેના વિચાર વિનાનું, નૈતિક મૂલ્યોની પરવા કર્યા વિના જે સહજ જીવાતું જીવન છે. તે સહજ ઊર્મિઓની આ લોકગીતમાં અભિવ્યક્તિ છે.

✱ **એમાં યત્ન વિનાનું કલાવિધાન છે.**[૩૧]**:** લોકગીતની રચના માટે રચનાકારે કોઈપણ પ્રકારના પ્રયત્નની જરૂર રહેતી નથી એ તો અનાયાસે જ હૃદયમાંથી સરી પડે છે.

✱ **એમાં પ્રકૃતિનો મહિમા છે.**[૩૨] : લોકગીતમાં જે ‘લોક’ની વાત કરી છે તે ગ્રામ્યપ્રદેશમાં ‘પ્રકૃતિ’ વચ્ચે રહે છે. આદિવાસી લોક તો અરણ્યમાં જ જીવે છે. આ

લોકોની આસપાસ પ્રકૃતિ પથરાયેલી છે. લોકો પ્રકૃતિના ખોળામાં મોટા થયાં છે. આથી લોકગીતોમાં પ્રકૃતિનું જ આલેખન થયું છે. લોકગીતોમાં નદી, ઝરણાં, પર્વત, સીમ, વનરાજી, વૃક્ષ–વેલી, પશુ–પંખી આવે છે ને લોકગીતમાં મોર–ઢેલ, મેના–પોપટ, કોયલ–કાગ આવે છે તે લોકો આ પંખીઓ સાથે જોડાયેલાં છે ને એ પંખીને પ્રતીક બનાવી પોતાના હૈયાની વાત લોકગીતમાં મૂકે છે. આમ, લોકગીતમાં પ્રકૃતિનો મહિમા છે.

✱ **એમાં માનવહૃદયની ઊર્મિઓ છે.**[૩૩]: માનવજીવન સુખદુ:ખથી, હર્ષશોકથી, પ્રેમ વિયોગથી ભરેલું છે. ગમા–અણગમા, મનોસંઘર્ષ આ બધું જ રહેવાનું. આનંદ ઉલ્લાસમાં આ લોકસમાજ ગીતો ગાય છે, નાચે છે. મેળાને ઉત્સવના પ્રસંગોમાં મનભરીને આનંદ લૂંટે છે ને જ્યારે દુ:ખદ ઘટનાઓ આવે ત્યારે પેટ ભરીને રડે છે. આ દરેક હૃદયની લાગણીઓ લોકગીતોમાં પ્રગટ થાય છે. તેથી લોકગીત માનવ સંવેદનાની ગેય અભિવ્યક્તિ છે.

✱ **એમાં અનેકમાં એક પ્રાણે પરોવાયેલાં હૃદયનો ધબકાર છે.**[૩૪]: લોકગીતોનો મુખ્ય સૂર પ્રણયનો જ છે. આ પ્રણય લોકસમાજમાં સહજ છે. આજે પણ આદિવાસી સમાજમાં પ્રણય ને પ્રણયનો સ્વીકાર સહજ છે. શિષ્ટસમાજમાં સરળ નથી. છુપાઈને પ્રણય ખેલાય છે. લોકગીતોમાં પ્રણય કથાગીતો છે.

✱ **એમાં વ્યક્તિત્વનો સર્વથા અભાવ છે.**[૩૫]: લોકગીતના રચનારાઓ તેના વિષયમાં કોઈ નાવિન્યપણું લાવવાની ઈચ્છા રાખતા નથી તેમજ તેમાં કોઈ ચમત્કૃતિ આવે તેવી રીતે તેનું વર્ણન પણ કરવા માંગતા નથી તેમજ પોતાની વિશિષ્ટ ઊર્મિઓ પણ વ્યક્ત કરવાની ખેવના તેઓ રાખતા નથી તેમજ ગીતો પર પોતાની છાપ મારવા એ માગતા જ નથી.

✱ **એમાં શબ્દ સ્વર અને ગતિ–તાનનો સમન્વય છે.**[૩૬]: લોકગીત એ માત્ર લોકોનું ઊર્મિકાવ્ય નથી તેમાં શબ્દ સ્વર લોકબોલીમાં એવી રીતે ગોઠવાઈને આવે છે કે તેમાંથી શબ્દનું માધુર્ય જન્મે છે. લોકગીતને તેનો લય, તાલને ગેયતા છે. તેનું નિશ્ચિત સંગીત છે

લોકગીતને તેનાં લોકવાદ્યો જેવાંકે ઢોલ, શહેનાઈ, પાવો, ઢોલક, સારંગી, ડમરું, ખંજરી, ડફ, ઝાંઝર, કરતાલના તાલ સૂરમાં ગાવામાં આવે ત્યારે જ તેની સાચી મજા માણી શકાય છે. કેટલાંક લોકગીત નૃત્ય સાથે જ ગવાય છે. તો કેટલાંક તાલી–રાસ છે તો કેટલાંક દાંડિયા, હલેસાં સાથે જ ગવાય છે એટલે લોકગીતમાં અનેક કલા સમાયેલી છે.

✱ **એમાં સમૂહને હૈયે ને સમૂહને કંઠે ચડે તેવી રચના છે જેનો સંસ્કાર અને સંવેદન સાર્વજનિક છે.**[૩૭]: લોકગીત કોઈ એક વ્યક્તિની ઊર્મિ નથી ભલે એ રચાયું ત્યારે તેના મૂળમાં એક વ્યક્તિ હોય પરંતુ તે સ્વાનુભૂતિ લોકગીતમાં સર્વાનુભૂતિ બની જાય છે. એક લોકગીતમાં અનેકનું ઉમેરણ હોય છે. તેથી એક પ્રાણે અનેકનાં હૈયા જોડાયેલાં અનુભવાય છે. લોકગીતનું ગાન સમૂહમાં ગવાય છે. રાસ, રાસડા, દાંડિયા, ટિટોડો વગેરે જે સંઘગાન, સંઘનૃત્ય ને સંઘોર્મિને પ્રગટ કરે છે.

✱ **એ રચનામુક્ત પણ આંતરિક લયવાળી હોય છે.**[૩૮]: લોકગીતમાં એના રચનાર કોઈ નિયમને કે બંધનને અનુસરતા નથી તેઓ હૃદયમાંથી જે ઉદ્ભવે તેને પ્રગટ કરે છે પરંતુ તેમાં ગેયતા હોય છે. આમ, લોકગીત એ રચનામુક્ત પરંતુ તેને આંતરિક લય હોય છે.

✱ **જે કંઠોપકંઠ વહેતાં આવ્યાં છે અને વહેતા આવે છે.**[૩૯]: લોકગીત આદિકાળથી રચાતું, ગવાતું આવ્યું છે તે અભણ લોકસમાજનું ગાન છે તેથી લિખિત કેવી રીતે હોય ? વળી જ્યારે લિપિ ન હતી ત્યારે લોકગીત તો હતું જ તેના રચનારા નિશ્ચિત નથી. એ તો વહેતું રહે છે. વડીલોને કંઠે જે ગીત હોય, વડીલ સ્ત્રીને કંઠે જે ગીત હોય તે વારસાગત શીખવવામાં આવે છે ને તે જીવતું રહે છે. સમયાંતરે જરૂર તેમાં પરિવર્તન આવે છે. જ્ઞાતિભેદે, પ્રદેશભેદે શબ્દો બદલાય છે. છતાં લોકગીત કંઠોપકંઠ વહેતું રહ્યું છે.

આ લક્ષણોની યાદી વિસ્તારી શકાય છે. ઝવેરચંદ મેઘાણી, કનુભાઈ જાની વગેરે અનેક મહાનુભાવોએ લોકગીતના લક્ષણો દર્શાવ્યા છે. જો કે સમયની સાથે અવનવાં લક્ષણો ઉમેરાતાં રહે છે. 'લોકગીત' એ તો વહેતા ઝરણાં જેવું છે ગમે તેટલાં એનાં લક્ષણો ભેગાં કરીએ છતાં હૃદય ધરતીનાં પેટાળમાંથી ફૂટતી આ જીવનધારાને પૂરેપૂરી ઓળખવી પામવી કે ઉકેલવી શક્ય તો નથી... છતાં લોકગીતને સમજવા માટે આવાં ઉપરોક્ત તારણો તારવવા ફરજિયાત બની રહે છે.

## ❖ લોકગીતનું વર્ગીકરણ :

લોકગીતો એ લોકસમૂહનું સર્જન છે છતાં લોકગીતોનાં વર્ગીકરણ કે લોકગીતના પ્રકાર પાડવા એ લોકગીતના સંશોધનક્ષેત્રે સરળતા અને સુગમતા રહે તે માટે જરૂરી બને છે. લોકગીતનાં સંશોધકો એ પણ વર્ગીકરણને ઘણું મહત્ત્વ આપ્યું છે. ગુજરાતી લોકસાહિત્યક્ષેત્રે શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી જયમલ્લ પરમાર, શ્રી ખોડીદાસ પરમાર વગેરે જેવા વિદ્વાનો પાસેથી લોકગીતના વર્ગીકરણો ઉપલબ્ધ બન્યા છે. આ ઉપરાંત પાશ્ચાત્ય અને હિન્દી સાહિત્યકારો એ પણ લોકગીતનાં વર્ગીકરણો આપ્યાં છે.

આપણે ત્યાંના લોકગીતોની મેઘાણીભાઈએ પ્રમુખ શાખાઓ ગણાવી છે : રાસડા, કીર્તનો, ઘોળ, રામાવળા, કૃષ્ણાવળા, સળુકા, ભજનો અને દુહાઓ. પછી એકલા રાસડાની જ જૂજવી જાતો આપે છે. કથાગીતો, ઊર્મિગીતો, ઋતુગીતો, બાલગીતો, સંસારચિત્રો ને મર્મગીતો. આમ રાસડાને છ વિભાગોમાં વહેંચે છે ને પછી રાસડાના કથાગીતો અથવા ગીતકથાના પ્રકારનું વિશદ વિવરણ કર્યું છે. પણ લોકગીતો અન્ય પ્રકારોને પ્રકારની દષ્ટિએ અથવા વર્ગીકરણની દષ્ટિએ વિવરણ ન કરતાં લગ્નગીતો, હાલરડાંને બાળગીતો, ઋતુગીતો અને ખાયણાનાં ગીતોની સમાલોચના આપી છે. મેઘાણીભાઈ લોકગીતોના વર્ગીકરણની દષ્ટિએ આગળ નથી વધ્યા, પણ વિવરણ અને રસદર્શનની દષ્ટિએ આગળ

વધ્યા છે.[૪૦] આમ, ઝવેરચંદ મેઘાણીના લોકગીતોના વર્ગીકરણને આપણને લગભગ બધાં જ પ્રકારનાં લોકગીતોની ચર્ચા દેખાઈ આવે છે.

આ ઉપરાંત જયમલ્લ પરમારે પણ લોકગીતોનું વર્ગીકરણ આપ્યું છે. તેમાં તેઓએ જણાવ્યું છે કે સીમંતની અવસ્થાના, બાળજન્મ પછીનાં, કિશોર અવસ્થાનાં, યૌવનનાં અને વૃદ્ધાવસ્થાનાં ગીતોના પ્રકાર પણ પાડી શકાય. જેમ જુદી જુદી વય–અવસ્થાનાં તેમ સ્ત્રીઓ અને પુરુષોનાં ગીતો પણ જુદાં પાડી શકાય. ખેડતાં, લણતાં કે કોસ હાકતાં, ખાંડતાં, દળતાં કે ચરખો ચલાવતાં પણ ગવાતાં હોય તેવા, વિવિધ પર્વો ઉપર, તહેવારો ઉપર, મેળા ઉપર, વ્રત ઉત્સવો ઉપર કે પછી વિવિધ ઋતુઓ ઉપર ગવાતાં હોય તેવાં, એ જ રીતે સ્તવનો, વીરકથાઓ, પ્રેમકથાઓ અને ભાવ–ઊર્મિના ભેદ પાડનારા ગીતોના પણ અલગ પ્રકાર પાડી શકાય. નૃત્ય, નાટ્ય વગેરેના પ્રકૃતિભેદે પણ પ્રકાર પાડી શકાય.[૪૧] આમ જયમલ્લ પરમારે પ્રકૃતિભેદે લોકગીતોનું વિભાગીકરણ, અવસ્થા પ્રમાણે, જાતિ પ્રમાણે ઉપરાંત પ્રદેશ પ્રમાણે પણ લોકગીતોના વર્ગીકરણ કર્યા છે.

આ ઉપરાંત હિંદીભાષી લોકગીતોના અગ્રણી સંપાદક રામનરેશ ત્રિપાઠીએ લોકગીતોની વિભાગીય યાદી આપી છે તેમાં તેમણે અગિયાર પ્રકારો દર્શાવ્યા છે તેમજ એવી જ એક યાદી રાજસ્થાની લોકગીતમાં સૂર્યકરણ પારિકે આપી છે તેમાં તેમણે ઓગણત્રીસ પ્રકારો દર્શાવ્યા છે.

આ સિવાય પણ ઘણા ગુજરાતી સાહિત્યકારો તેમજ અન્ય વિષયના સાહિત્યકારોએ પણ ઘણા વર્ગીકરણો આપ્યાં છે. લોકગીતોનાં વર્ગીકરણમાં સમાજજીવન ઉત્સવો અને મેળા, માનવજીવનને અને તેની અવસ્થા ધ્યાનમાં રાખવામાં આવે છે. જ્ઞાતિ પ્રમાણે, પ્રદેશ પ્રમાણે, ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે પણ લોકગીતોનું વર્ગીકરણ થયું છે. આમ, લોકગીતને અનેક વિભાગમાં વર્ગીકૃત કરવાના પ્રયત્ન થયા છે. રસ, હાસ્યરસ,

કરુણરસ, શૃંગારરસ, વીરરસ અને વાત્સલ્ય ભાવના તેમજ અદ્‌ભુત રસનાં ગીતો મળે છે. આમ રસદષ્ટિએ લોકગીતોનું વર્ગીકરણ વિદ્વાનોએ કર્યું છે.

## ✱ જાતિ કે લિંગભેદ પ્રમાણે લોકગીતોનું વર્ગીકરણ :

જેમાં જાતિભેદને મુખ્ય કારણ ગણવામાં આવ્યાં છે એટલે પુરુષોના લોકગીતો અને સ્ત્રીઓનાં લોકગીતો એમ વિભાગ પાડવામાં આવે છે. આ રીતે જાતિભેદ કે લિંગભેદ ધ્યાનમાં રાખીને સ્ત્રીઓમાં પ્રચલિત હાલરડાં, ગરબા, ખાયણાં, લગ્નગીતો, સીમંત વખતના ગીતો, ગોરમાના ગીતો જેવાં વિભાગોથી બહેનોમાં વિશેષ પ્રચલિત છે. તો પુરુષોમાં ડાંડિયા રાસનાં ગીતો, ભજનો, દુહા, છંદ, શ્રમ, વખતના કેટલા ગીતો વિશેષ ભાવે પુરુષોમાં પ્રચલિત છે. છતાંય લોકગીત તો સ્ત્રી અને પુરુષ બંનેને લોકપ્રિય હોય તો કયારેક પુરુષો સ્ત્રીઓમાં પ્રચલિત એવા ગીતો ગાય છે. આમ લોકગીત એ કોઈ લિંગ કે જાતિનો અધિકાર નથી. માત્ર અભ્યાસ કરવા ખાતર જ આ વિભાગ પડે છે.

## ✱ સ્વરૂપ પ્રમાણે વર્ગીકરણ :

લોકગીતના સ્વરૂપો તપાસવા જેવા છે. એમાં સ્તવનો છે, કીર્તનો છે, રાસ, ગરબા, ગરબી, રાસડાં, દુહા, મરશિયા, છંદ, ઉખાણાનાં ગીતો, સમસ્યાના ગીતો, ભજનો, લગ્નગીતો, ફટાણાં, વર પોંખવાના ગીતો, માંડવાના ગીતો, કન્યા પધરાવવાના ગીતો, હાલરડાં –ખાંયણાં–લણણીનાં ગીતો વગેરે લગ્નગીતોમાં લય અને મર્મને પામી શકાય છે.

## ✱ પ્રકૃતિભેદે લોકગીતોનું વિભાગીકરણ :

વાર તહેવાર જેમાં પર્વના ગીતો, ઉત્સવના ગીતો જેવા કે જન્માષ્ટમી, નવરાત્રિ, હોળી, રામનવમી, શિવરાત્રી, વ્રતનાં ગીતો, વડસાવિત્રીનાં ગીતો, જયા–પાર્વતીના ગીતો, એવરત–જીવરતનાં વ્રત અને તેનાં ગીતો, જાગરણનાં ગીતો, કેટલાંક માંગલિક પ્રસંગના

વિભાગ પ્રમાણેનાં લોકગીતો મળે છે. લગ્નગીતો અને જનોઈનાં ગીતો, રાંદલના ગીતો વગેરે જોવા મળે છે.

અશુભ પ્રસંગના ગીતો જેમાં રાજિયા–મરશિયાં બારમાનાં દાડાનાં, દશમાનાં, સોળમાનાં, છમાસીનાં, વરસીનાં ગીતો પણ છે. જેમાં કરુણરસનાં ચિત્રો પણ આવી જાય છે. વ્યવસાય સાથે ગવાતાં ગીતો જે મોટેભાગે ખારવા લોકો ગાય છે.

ધંધાદારીઓનાં પણ કેટલાંક ગીતો મળે છે. જેમાં કેટલાંક લોકગીતો ગાઈને પોતાનો પેટ ગુજારો કરે છે. તેઓ લોકોમાં દયાભાવ ઉત્પન્ન કરે છે અથવા પ્રશંસાભાવ ઉત્પન્ન કરીને અથવા લોકોની ધાર્મિક લાગણીને ધ્યાનમાં રાખીને આ લોકો લોકગીત ગાઈને પોતાનો પેટનો ગુજારો કરે છે.

## ✱ જ્ઞાતિ અને જાતિ પ્રમાણેનાં લોકગીતોનું વર્ગીકરણ :

જ્ઞાતિ પ્રમાણે વર્ગીકરણ કે કોમ પ્રમાણે લોકગીતોનું વર્ગીકરણ થઈ શકે. જેમ કે અઢાર વર્ણના લોકગીતો, દરેક જ્ઞાતિનાં લોકગીતો, આપણે ત્યાં કેટલીયે જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ છે. તો તે દરેક કોમનાં લોકગીતો પ્રમાણે વર્ગીકરણ થઈ શકે. દા.ત. મેર કોમનાં લોકગીતો, રબારીનાં લોકગીતો, ઘોડિયા જ્ઞાતિનાં લોકગીતો, કુંકણા જ્ઞાતિના લોકગીતો. આમ, અનેક કોમને ધ્યાનમાં રાખીને લોકગીતનું વર્ગીકરણ થઈ શકે છે. આ ઉપરાંત વાણિયાનાં લોકગીતો, લોહાણાનાં, પટેલનાં, કણબીનાં, સુથારનાં, લુહારનાં, કોળીનાં, ઘાંચીનાં, વાઘરીનાં, દરજીનાં, કુંભારનાં, સોનીનાં, ગરાસિયાનાં, વણજારાનાં એમ ભિન્ન–ભિન્ન સ્વરૂપે લોકગીતો મળે છે.

## ❋ પ્રદેશ પ્રમાણે લોકગીતોનું વર્ગીકરણ :

ઝાલાવાડનાં લોકગીતો, સોરઠનાં, ગોહિલવાડનાં, ચરોતરનાં, દક્ષિણ ગુજરાતનાં, કચ્છનાં ઉપરાંત દરેક રાજયના લોકગીતોનાં વિભાગ પાડી શકાય. દા.ત. ગુજરાતનાં, મહારાષ્ટ્રનાં, આસામનાં, જમ્મુ કાશ્મીરનાં, કર્ણાટકનાં, પંજાબનાં, સાગરકાંઠાનાં, રણપ્રદેશનાં વગેરે પ્રદેશવાર પણ લોકગીતના ભેદ છે અને તે પ્રમાણે તેનું વર્ગીકરણ કરી શકાય છે.

## ❋ ભાષા કે બોલી પ્રમાણે વર્ગીકરણ :

ગુજરાતી, કચ્છી, ચરોતરી, સોરઠી વગેરે બોલીના લોકગીતો તો ઉડીયા ભાષાનાં, ઉર્દૂભાષાના, હિન્દી, તમિલ ભાષાનાં વગેરેના જુદા જુદા વર્ગીકરણ થઈ શકે છે.

## ❋ અવસ્થા પ્રમાણેના લોકગીતો :

અવસ્થા પ્રમાણે જોઈશું તો શીશુ અવસ્થાનાં–હાલરડાં, કુમારાવસ્થાનાં–રમતગમતનાં, યુવાવસ્થાનાં–પ્રેમનાં ગીતો, પ્રૌઢા અવસ્થાના – વૃદ્ધાવસ્થાનાં ભજન, સ્તવન, આરતી, કિર્તન વગેરે ગણી શકાય છે.

આમ, લોકગીતોના વર્ગીકરણની સમસ્યા થોડી જટીલ છે. કેમકે કયારેક આવા વર્ગીકરણો સંપૂર્ણ પણ બની શકે. વર્ગીકરણમાં સમાવેલ વિભાગમાં આ ગીતો પૂર્ણ બંધબેસતાં ન હોય ત્યારે એમાં રહેલા સૂક્ષ્મ ભેદો બતાવવા જરૂરી છે. લોકગીતની વિશાળતાને સમાવવા વર્ગીકરણની જરૂરિયાત ઊભી થાય છે. કયારેક તો એવું પણ બને છે કે લોકજાતિ પાસેથી તદ્દન નવા જ લોકગીતો પ્રાપ્ત થાય છે ત્યારે તેને કયાં વિભાગમાં સમાવવા એવી સમસ્યા નિવારવા પણ લોકગીતોનું વર્ગીકરણ સમય સાથે પરિવર્તન પામતું એ પણ અનિવાર્ય છે.

## ❖ લોકગીતના પ્રકારો :

લોકગીતના સ્વરૂપ વિશે ગુજરાતી સાહિત્યમાં નર્મદથી ચર્ચા થતી રહી છે. નર્મદે નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીતોનું સંપાદન કર્યું છે. દલપતરામે જેમ્સ ફાર્બસ સાથે રહી 'રાસમાળા' નામે ગીતોનું સંપાદન કર્યું છે. પારસી શોરાબજીએ લોકગીત વિશે ક્ષેત્રકાર્ય કરી ગીતોનો સંગ્રહ બહાર પાડ્યો છે. રણજીતરામ મહેતાએ ઈ.સ.૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં લોકગીતના નામનો ઉલ્લેખ કર્યો. તે પછી લોકગીત ક્ષેત્રે ઝવેરચંદ મેઘાણીએ યશસ્વી ક્ષેત્રકાર, સંપાદનનું કામ કર્યું છે. આ લોકગીતોમાં હાલરડાં, લગ્નગીતો, ખાયણાં, ગોરમાના ગીતો, ઋતુગીતો, ઉત્સવમેળાનાં ગીતો, મરશિયા અને સંતવાણીને લોકગીતમાં સમાવી લોકગીતોના પ્રકારો પાડી આપ્યા છે.

ઝવેરચંદ મેઘાણી પછી જયમલ્લ પરમાર, ખોડીદાસ પરમાર, પુષ્કર ચંદરવાકર, જોરાવરસિંહ જાદવ વગેરેનું કાર્ય નોંધપાત્ર છે. આ ઉપરાંત પણ હરિવલ્લભ ભાયાણી, કનુભાઈ જાની, હસુ યાજ્ઞિક, ભગવાનદાસ પટેલ વગેરેનું કામ નોંધપાત્ર છે. આ બધા વિદ્વાનોએ કરેલી લોકગીત વિશેની ચર્ચાને આધારે લોકગીતના પ્રકારો નીચે પ્રમાણે પાડી શકાય.

### (૧) લગ્નપ્રસંગનાં માંગલિક અને અન્ય લોકગીતો :

લગ્ન એટલે બે આત્મા અને બે શરીરનું વિધિયુક્ત જોડાણ; પરણનાર લાડો–લાડી પાંચ દિવસના રાજારાણી. આ લોકગીતો લાડા–લાડી અને તેમનાં કુટુંબીઓએ તેમજ સગાં સાગવાના પ્રશસ્તિ ગીતો છે. લગ્નમંગલના પાંચ પાંચ દિવસો સુધી પ્રસંગે પ્રસંગે ગવાતાં આ લગ્નગીતોમાં જીવનનું સૌંદર્ય, પ્રસન્નદામ્પત્ય જીવનની શીખ, કુટુંબકબીલાની ઓળખપાખળ સામે વેવાઈવેલાની દાંભિકતાના વર્ણન અને આનંદમસ્તી સાથે મીઠાં મરકલડાં અને લાડા–લાડીના ગુહ્યપચારનું વિવિધ પ્રસંગો દ્વારા અને પ્રતીકરૂપે નિરૂપણ

થાય છે, જેમાં ઉકરડી, નોતરવી–ઉઠાડવી, કુંભારના ચાકનું સર્જનના પ્રતીકરૂપે પૂજન, જડ વાહવી, ઢોલપૂજન, માણેકસ્તંભ, પીઠી, મીંઢળની વિધવિધ ક્રિયાપ્રસંગો દ્વારા નરનારીના સહજોડાણનો ખ્યાલ, ગર્ભિત પ્રતીક–પ્રસંગોરૂપે નિરૂપાય છે. આનંદ મંગલના આ પાંચ (હવે ત્રણ) દિવસોમાં નીચેનાં માંગલિક ગીતો ભરપેટે ગવાય છે.

(૧) વેવિશાળ કરતી વખતનાં ગીતો

(૨) લગ્ન લખતી વેળાનાં ગીતો

(૩) સાંજીના ગીતો.

લગ્ન લખાયા પછી શુભ દિવસથી લાડા–લાડીના ઘરે વાળું પાણી પૂરું થયા પછી સગાં, સ્નેહી અને આડોશ–પાડોશીની સ્ત્રીઓ ભેગી મળીને સાંજીનાં ગીતો ગાય છે.

સાંજીનાં ગીતોમાં પ્રથમ ગણેશ સ્થાપનના ગીત પછી સાસરવાસી દીકરી–જમાઈને તેડું, સગાવહાલા અને સ્નેહીને કંકોતરી, લાડા–લાડીના લગ્ન માટેના શણગાર, લગ્ન માટે ભોજન સામગ્રીની તૈયારી, ઘર–કુટુંબની વહુવારુનાં વેતાની મશ્કરી, જમાઈઓની મજાક અને સર્વકુટુંબ પ્રશસ્તિનાં ગીતો ગવાય છે.[૪૨] લગ્નપ્રસંગે ગવાતાં ગીતોમાં જુદી જુદી વિધિઓ વખતે જુદાં જુદાં લગ્નગીતો હોય છે. આ લગ્નગીતોમાં વરકન્યાને સંબોધીને ગવાય છે. વરના માતા–પિતા, ભાઈ–બહેન વગેરેને સંબોધીને પણ ગવાય છે તેમજ ફટાણાં કે ગાળો પણ બોલવામાં આવે છે. આ ઉપરાંત પણ લગ્નપ્રસંગ દરમિયાન ઉકરડી નોતરવાનાં ગીતો, પ્રભાતિયાં, મંડપરોપણનાં ગીતો, પીઠીના ગીતો, મોસાળાના ગીતો, જાનના ગીતો, હસ્તમેળાપના ગીતો, વિદાયના ગીતો, આણાનાં ગીતો વગેરે અલગ–અલગ વિધિ મુજબનાં ગીતો આવે છે.

## (૨) સીમંત–અઘરણીનાં ગીતો :

પરણીને આવેલી વહુ સગર્ભા બને અને મા બને ત્યારે જ તે સાસરિયાની કુલવેલમાં પ્રવેશી મનાય છે. અધણિયાતને 'ઘન્યા' કે 'ધેણ્ય' કહે છે. પાંચ માસે પંચમાસી અને સાતમે મહિને સીમંત સંસ્કાર થાય છે. તે અઘરણીના દિવસની સવારથી બીજી સવારે રાંદલ વળાવે ત્યાં સુધીનાં ગીતો.

(૧) અધરણીનાં દિવસે રાંદલ તેડવાનાં ગીતો.

(૨) ધેણ્યને નવરાવવા લઈ જતી વખતનાં ગીતો.

(૩) ધેણ્યને 'પગલાં ભરાવે' તે સમયનાં ગીતો અને ફટાણાં.

(૪) 'ખોળો ભરવો'ની વિધિ વખતનાં ગીતો.

(૫) 'ખોળો ભર્યા' પછીનાં રાંદલનાં પ્રશસ્તિ ગીતો.

(૬) રાતે–રાંદલ સામે 'ઘોડો ખૂંદવો'નાં ગીતો.

(૭) બીજી સવારે રાંદલને વળાવવાના ગીતો.[૪૩]

આમ, આપણે ત્યાં સીમંતના પ્રસંગને પણ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે સગર્ભા થયેલી દીકરીને પિયરયા તરફથી સ્ત્રીઓ તેડવા આવે છે. પ્રથમ પ્રસૂતિ માવતરને ઘેર થતી હોય છે. આ ખોળો ભરીને તેડી જાય તે પ્રસંગે વિધિ–વિધાન તો થાય છે પરંતુ તે સમયે ગીતો ગવાય છે આમ વિધિપૂર્વક આ પ્રસંગ પૂરો કરવામાં આવે છે.

## (૩) બાળ–હાલરડાં :

ગર્ભવતી સ્ત્રી પુરુષ કે પુત્રીને જન્મ આપે તેના શુભ–આગમન–અવસરનાં લોકગીતો ગુજરાત–સૌરાષ્ટ્રમાં ખાસ નથી. બાળકના વિવિધ પ્રકારના 'હાલા' છે – તેમાં

(૧) વાત્સલ્યભાવ અને બાળપ્રશસ્તિનાં હાલરડાં.

(૨) બાળ–હૂલામણાનાં રમત જોડકણાં અને કજિયાળાને બીક બતાવવાના વળાંનો.

(૩) રામ, કૃષ્ણ અને બીજા બાળલીલા વર્ણવતાં પ્રકીર્ણ હાલરડાં.[૪૪]

બાળકને જયારે પારણિયે પોઢાડવામાં આવે ત્યારે હાલરડાં ગવાય છે. આ ગીતો બાળકની મા, દાદીમા, બહેન કે ઘરની અન્ય સ્ત્રીઓ મોટેભાગે ગાય છે. આ હાલરડાનો લય સાંભળી બાળક જલ્દીથી પોઢી જાય છે.

## (૪) બાળ–જોડકણાં અને અન્ય :

(૧) બાળકો શબ્દાનુરવ સાથે પ્રયોજી શકે તેવાં જોડકણાં.

(૨) સર્વજન ઉપયોગી જ્ઞાન બુદ્ધિ સાથે શીખ, ડહાપણનાં જોડકણાં.[૪૫]

બાળકો ખૂબ જ સહેલાઈથી ઉચ્ચારી શકે જેના દ્વારા બાળકોમાં જ્ઞાનની વૃદ્ધિ થાય તેમજ બુદ્ધિનો વિકાસ થાય એવા જોડકણાં બાળકોમાં ખૂબ જ પ્રિય બને છે.

## (૫) ઉજળિયાતવર્ણમાં 'બડવા'ને જનોઈ સંસ્કાર વિવિધ ગીતો :

સાંજીના, મંડપારોપણનાં, જનોઈ પહેરાવે વગેરે પ્રસંગના.[૪૬]

## (૬) કન્યા–કિશોરીઓનાં મોળાકત (ગૌરીવ્રત)ના ગીતો :

(૧) રમત રાસડા (૨) 'દેદો' કૂટવાના છાજિયાં.[૪૭]

ગૌરી–પાર્વતીનું વ્રત કન્યાઓ સારું સાસરું પતિ મળે તે માટે કરે છે. પાર્વતીજીએ જે વ્રત કરી શિવજી જેવા વર મેળવ્યા તેમ આ વ્રત કુંવારી કન્યાઓ કરીને પાર્વતી જેવું સુખ ઈચ્છે છે.

મોળાકત વ્રત 'ગોરમાના વ્રત' કે 'અલૂણા વ્રત' નામે ઓળખાય છે. આ વ્રત અષાઢ સુદ અગિયારસથી અષાઢ સુદ પૂનમ એમ પાંચ દિવસનું હોય છે. વ્રતનાં દિવસોમાં છોકરીઓ નદીએ, તળાવે જઈ સ્નાન કરે છે. શિવમંદિરે જઈ પાર્વતી પૂજન કરે છે. જુવારા, સુરજ, ઘરનો ઉંબરો, ગાયનો ખીલો વગેરેની પૂજા કરે છે અને પાંચ દિવસ મીઠા વગરનું મોળું જમે છે. છેલ્લી રાત્રિએ જાગરણ કરે છે. આ વ્રત સમયે જે ગીતો ગાય છે તેને ગોરમાના ગીતો કહે છે. આ ઉપરાંત છોકરાઓ રાસડાં રમે છે. નાની છોકરીઓ 'દેદો' કૂટે છે અને તેનાં ગીતો ગાય છે.

## (૭) તુલસીવિવાહનાં ગીતો :

તુલસીવિવાહ પણ માનવીય વિવાહની જેમ જ મંડાય છે. પૌરાણિક કથા પ્રમાણે તુલસી અને ઠાકરનાં વિવાહ કારતક સુદ અગિયારસે થાય તે પછી સંસારિયાનાં લગ્ન થાય છે. નિયતા અને તુલસી (પ્રકૃતિ છોડ)નાં લગ્ન તે દેવ અને પ્રકૃત્તિતત્ત્વનું એકત્વ દેખાડવા માટે જ નિરૂપાયાં હશે ને ?[૪૮] આ તુલસીવિવાહ પ્રસંગમાં કન્યાપક્ષને વરપક્ષના એમ બે વિભાગ થાય છે. કન્યાપક્ષે તુલસીનો છોડ–કુંડામાં રોપેલ–શણગારેલ હોય છે. વરપક્ષ શાલીગ્રામના–કૃષ્ણની જાન લઈને આવે છે તે પછીના પ્રસંગો લગ્ન પ્રમાણે ગીતો ગવાતાં ઉજવાય છે. શાલીગ્રામને તુલસીના મંગલફેરા, જાનવિદાય બધું જ થાય છે. આમ, આ તુલસી–વિવાહ ઉજવવામાં આવે છે. ઘણી વખત એવું પણ જોવા મળે છે કે જેમને કોઈ

સંતાન નથી અથવા તો દીકરી નથી તેવા પરિવારો આ ઉત્સવ ઉજવી પોતાનાં સંતાનને પરણાવ્યાનો આનંદ માણે છે.

## (૮) સૌભાગ્યવતી અને પ્રૌઢસ્ત્રીઓનાં વ્રત–વરતુલા :

(૧) કાઠાગોરનાં ગીતો.

(૨) શ્રાવણ કે અધિક માસમાં ગવાતાં 'ઝીલણિયાં'

(૩) કીર્તન

(૪) જયા–પાર્વતી કે 'એવરત–જીવરત'નાં વ્રતગીતો.[૪૯]

## (૯) નારીસમૂહનાં રાસડાં :

(૧) ઊભા રહી – એક તાળી સાથે ગવાતા રાસડાં.

(૨) ફરતાં ફરતાં લેવાતાં ત્રણ ત્રણ તાળીનાં 'ઉલાળિયા'.

રાસડા અને ટપ્પારાસ.[૫૦] રાસ રમવાની નૃત્યની અનેક રીતો છે. રાસમાં જે ગીતો ગવાય છે તેમાં રાધા–કૃષ્ણનાં ભાવો સૌથી વિશેષ છે. જ્યારે રાસડા સ્ત્રીઓ–એક તાળી, ઊભા–ઊભા કે ફરતાં ફરતાં રમીને ગાતી હોય છે. આ રાસ–રાસડામાં તાલ, લય, નર્તન, કથન ને તેની પરંપરિત ગાયકી મહત્ત્વની છે. આ ગેયગીત સાથે જે વાદ્યોનો તાલને સૂર છે તે પણ લોકસંગીતનાં વાદ્યો ઢોલ, શહનાઈ, સારંગી, તબલાં, પાવા મુખ્ય છે. આ ગીતો સમૂહમાં ગવાય છે ને તેમાં સંઘોર્મિ પ્રગટે છે સ્ત્રીની સંવેદનાઓ મુખ્ય છે.

## (૧૦) ગરબા–માંડવડી વગેરે :

શણગારેલી લાકડાની નાની માંડવી (ગરબી)માં મૂકીને સ્ત્રીઓ માંડવડી–દેવીનાં પ્રશસ્તિ ગીતો ગાતી તાલનૃત્ત કરે છે.[૫૧] નવરાત્રીના દિવસો આસો માસની સુદ એકમથી નોમની રાત્રી સુધી આદ્યશક્તિ મા અંબાની આરાધના કરવામાં આવે છે અને ગરબા રમવામાં આવે છે. ગુજરાતમાં માતાજીની માંડવડી બનાવી તેમાં દીવા પ્રગટાવી સ્ત્રીઓ ગરબા માથે મૂકી રમે છે. અન્ય સ્થાનોમાં કન્યાઓ માથે મૂકીને ગરબો રમે છે. સ્ત્રીઓ ગીત, નૃત્ય, સંગીત સાથે ગરબા રમે છે.

## (૧૧) માંગલિક પ્રસંગનાં ધોળમંગળ :

ધવલ > ધઉલ > ધુલમાંથી ધોળ ઊતરી આવ્યો છે. શુભપ્રસંગ અને લગ્નજાનનાં ગાડાંની લાંબી વાટ પૂરી કરવા, જાનડીઓ, કથાનકવાળાં ધોળ ગાઈ રસ્તો ખુટાડે છે. ધોળમંગળ કયારેક આદમી પણ ગાય છે.[૫૨] પહેલાના સમયમાં ઝડપી વાહનો ન હતાં તેથી બળદગાડાંની જાન લઈ જવામાં આવતી. કન્યાનું ઘર દૂર હોવાથી જલ્દી રસ્તો ખૂટતો ન હોવાથી એ રસ્તો કોઈપણ કંટાળા વિના ઝડપથી પૂરો થાય એ માટે જે ગીતો ગાવામાં આવે છે તેને ધોળમંગળ કહેવામાં આવે છે.

## (૧૨) શ્રમહારી ગીતો :

(૧) ઘંટીએ દળતા ગાવાના.

(૨) રેંટિયો કાંતતાં ગાવાનાં.

(૩) વાડી, ખેતરમાં નીંદણી–પારણી વખતે ગવાતાં.

(૪) મલામાનો ચૂનો ખાંડતી વખતે ગવાતાં.

(૫) મકાનની છોબંધ કે ભોંયતળિયે ટીપણી ટીપતાં ગવાતાં શ્રમહારી ગીતો.[૫૩]

લોકગીત ગાનારો લોકસમાજ પરિશ્રમ સાથે જોડાયેલો છે. તેનાં સ્ત્રી–પુરુષો સખત મજૂરી કરતાં હોય છે. આ થાકમાં હળવાશ રહે ને એકધારા કામમાં કંટાળો ન આવે ને કામની ગતિ વધે તેવા હેતુથી આ પ્રકારના લોકગીતો ગવાય છે. પહેલાના સમયમાં સ્ત્રીઓ સાંબેલાથી ડાંગર ખાંડતી હતી. આજે આધુનિક મશીનરીઓ આવી ગઈ છે. ધાન્ય ખાંડતા સ્ત્રીઓ સાંબેલું તાલમાં પડે, ઝડપથી પડે તેનાં ગીતો પણ હોય છે. સ્ત્રીઓને વહેલી સવારે ઘંટીએ દળવા ઊઠવું પડતું ને દળવાનું કામ પરિશ્રમનું ને પાછી એકલી હોય ત્યારે ગીત ગાવાથી સહિયારો મળી રહેતો. આ ઉપરાંત આજે ઘરમાં પાથરવા લાદી, સ્પાટેક આવી ગયેલ છે. પરંતુ તે પહેલાં ઘરનું તળિયું સપાટ કરવા માટે સ્ત્રીઓ 'ટીપણી' લાકડી સાથે નીચે લાકડાની પાટલી લગાડી તેને તાલમાં પછાડી તળિયું મજબૂત કરાતું. આ ટીપણીનાં ગીતો તાલમાં ગવાતાં, દરિયાખેડુ ખારવા નાવને હલેસાં મારતાં તેનાં પણ ગીતો ગવાય છે. આમ, શ્રમ કરતાં કરતાં ગવાતાં ગીતોને શ્રમહારી ગીતો કહે છે.

## (૩) મૃત્યુ પછીનાં શોક અને પ્રશસ્તિનાં છાજિયાં :

મરનારની પ્રશંસા–પ્રશસ્તિ કરતાં 'મરશિયા' (અરબ્બી 'મર્સિયહ' એટલે મરનારની ગુણપ્રશસ્તિ) તો 'છાજિયા' મરનાર વ્યક્તિની ઉંમર, જાતિ, ગુણ પ્રમાણે જેને યોગ્ય રીતે છાજે– યોગ્ય લાગે તે – 'છાજિયા'.[૫૪] મરશિયા હજારો વર્ષોથી ગુજરાત અને અન્ય રાજ્યોમાં ગવાતા આવ્યા છે. આ મરશિયામાં મૃત વ્યક્તિના સદ્‌ગુણો, તેણે કરેલાં કાર્યો, મૈત્રી, પ્રેમ અને પડેલી ન પૂરી કરી શકાય તેવી ખોટની વાત કહેવામાં આવે છે. મૃત વ્યક્તિનાં આ ગુણગાન ગાવાથી તેના સ્વજનોને થોડો આત્મસંતોષ થાય છે. યુવાન કે અસાધારણ મૃત્યુની ઘટના બને ત્યારે તેના સ્વજનોને જે કારી ઘા લાગ્યો હોય છે તેનાથી કોઈ અવાચક થઈ જાય, દુ:ખથી પોતાની સ્થિતિ ગુમાવી બેસે ત્યારે જો એ જ સ્થિતિમાં તે લાંબો સમય રહે તે તેને કાયમી ગાંડપણ આવી જાય. તે સ્થિતિમાં જો તે મરશિયા સાંભળે

તો પોક મૂકીને રડી પડે છે ને તેનું હૈયું હળવું થાય છે ત્યાં આ મરશિયાં ગાવા ઉપકારક બને છે.

## (૧૪) આનંદપ્રમોદનાં બૌદ્ધિક ગીતો :

(૧) ખાંયણાં, દક્ષિણ ગુજરાત–સૂરત, નવસારી વગેરેમાં પ્રચલિત 'ખાયણાં' તે उत्खनन > उखण्ण અને 'ઉખાણાં' એવી પરંપરાથી ઉતરી આવ્યા હોય તેવી શક્યતા લાગે છે. 'ઉખાણાં' એટલે બુદ્ધિચાતુર્ય કસવા માટેની કસોટી–કોયડો આ કસોટી–કોયડાને ઉકેલવા બુદ્ધિ વાપરવાની, સજવાની ખણખોદ–બુદ્ધિમાંથી શોધી–ખોદીને મેળવવું તે. આ બુદ્ધિકસ્યા 'ઉખાણાં'માંથી 'ઉ' લુપ્ત થતાં 'ખાણાં' કે 'ખાયણાં' રૂપે થયું હશે ? ઉખળમાં ખાંડવાના શારીરિક શ્રમ કરતાં બુદ્ધિચાતુર્યની કસોટી એ પ્રત્યુત્પન્નગતિથી તાત્કાલિક જોડી–પ્રયોજી દેવું તે 'ખાંયણા'માં જોઈ શકાય છે.

(૨) ગીતમાં હરિયાળી કે સમસ્યા મૂકીને ગવાતું લોકગીત આ પ્રકારનાં ગીતો, રાસડા, લગ્નગીત, ભવાઈ વગેરેમાં મળે છે.[૫૫] આ ગીતો મોટાભાગે મનોરંજન માટે ગવાય છે. પરંતુ મનોરંજનની સાથે સાથે બુદ્ધિનો વિકાસ થાય એ રીતે આ ગીતો ગવાય છે.

## ◈ પુરુષસમૂહમાં ગવાતાં લોકગીતો :

### (૧) સલોકા :

સંસ્કૃત 'श्लोक'ની આગળ 'અ'નો વિશ્લેષ થતાં શ્લોકમાં આગળ 'અ' પ્રયોજાઈને 'સલોક' થાય છે તે સ્વરૂપ 'શ્લોક' નહિ પણ દેશી 'સલોકો' થતાં તેમાં રામકથાનક, કૃષ્ણકથાનક, લૌકિક પ્રકારની પરંપરા શિષ્ટ અને લોકસાહિત્ય બંનેમાં હજી પણ 'સલોકા' રચાય છે.[૫૬] ગીતનું નામ લેતાં જ સ્ત્રીઓ સાથે જોડાઈ જ જાય છે પરંતુ ફકત સ્ત્રીઓ જ

ગીતો ગાઈ શકે તેમ નથી પુરુષો પણ મનોરંજન માટે વિવિધ ગીતો ગાય છે જેમાં રામકથાનક, કૃષ્ણકથાનક ભજવતી વખતે ફકત પુરુષો જ ગીતો ગાય છે.

**(૨) ભજન, આગમ, પ્યાલા વગેરે :**

ભજન–સંતવાણીની પરંપરા ઘણી પ્રાચીન છે. શબ્દની સૂરતા અને સ્વરની આરાધના દ્વારા ભજન મંડાય છે. શબ્દ અને સ્વર રૂપે નિયંતાનું આરાધ યજન તે ભજન.[૫૭] આપણી પરંપરામાં ભજનો અને સંતવાણી ખૂબ પ્રચલિત હતી અને અત્યારે પણ છે ભજનો મોટેભાગે રાત્રિ દરમિયાન ગાવામાં આવે છે. સ્ત્રીઓ પણ ભજનો ગાય છે પરંતુ પુરુષોમાં તેનું ચલણ વધુ જોવા મળે છે.

**(૩) રામવળા, ચંદ્રવળા અને છકડિયા :**

ખેડૂતો રામકથાના અને કૃષ્ણજીવન કથાના ચંદ્રવળા સાથે ભાતભાતની લૌકિકકથા– વાર્તા આપજોડ્યા છકડિયા પ્રયોજે છે. આ છકડિયા સૌરાષ્ટ્રભરમાં પુરુષો ગાય છે. છકડિયામાં પ્રથમ બે લીટીને આખી સળંગ ગવાય છે. ત્રીજી અને ચોથી લીટી અરધી, પાંચમી લીટી આખી અને છટ્ટી લીટીને સ્થાને પ્રથમ પંક્તિને ફરીથી દુહરાવાય છે.[૫૮] આમ, અહીં ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણનાં જીવનને ચંદ્રવળા સાથે લૌકિક કથા વાર્તા છકડિયા પ્રયોજે છે.

**(૪) ભરથરી–રાવળિયાના પ્રશસ્તિ રાસડા :**

ભરથરી, નાથબાવા વગેરે રાવણહથ્થા પર કામઠીના ઘૂઘરાના ધમકારે શૂરવીર, સતી, બહારવટિયા રાજવી વગેરેના પ્રશસ્તિ રાસડા ગાતા ફરે છે. આ રાસડા તે ‘લઘુરાસા’ની પરંપરાનાં પ્રશસ્તિ ગીતો છે. આ રાસડા માત્ર પુરુષો જ ગાય છે. સ્ત્રીઓ તેના રાસડાનૃત્તમાં આને ગાતી નથી.[૫૯]

## (૫) જોગી, રાવળિયાની આરણ્યુ, સરજુ, સાવળ વગેરે :

(૧) માતાજીની આરણ્યું એ આરદા–વિનંતીરૂપે માની પ્રશસ્તિ છે.

(૨) સરજુએ માત્ર મહાપ્રાણનું સ્વર ગાન છે; જેમકે, 'હા', 'હે', 'હ્' 'હે'. સૌરાષ્ટ્રના રબારીઓ દેવીના મઢ સામે 'સામવેદ' જેવું 'સરજુ' ગાન ગાય છે.

(૩) સાવળ એ માતાજીની સ્તુતિ છે. નીચલા થરના લોકો, લોકવરણ, અને કોઈ કોઈ વૈશ્યો પણ સાવળું ગાય છે.[૬૦]

આમ, આપણે જોઈશું તો જણાશે કે આરણ્યુંમાં માતાજીની પ્રશસ્તિ ગવાય છે. સરજુ એક પ્રકારનું ગાન છે અને સાવળ એ માતાજીની સ્તુતિ છે.

## (૬) ગરબી અને માતાજીના ગરબા :

લોકગરબી માત્ર પુરુષો જ ગાય છે. ગરબીમાં કોઈ કથાપ્રસંગ કે પરમેશ્વરની પ્રશસ્તિ હોય છે. જોરદાર ફીરત અને તાલીનૃત્ય સાથે ગરબી રમાય–ગવાય છે. (દયારામની ગરબીઓ પદ પ્રકારની છે.) લોકગરબી કથાતત્ત્વનું નિરૂપણ કરતી હોવાથી ઠીક ઠીક લાંબી ગેયનૃત રૂપની નવરાત્રી ઉત્સવમાં માતાજીની માંડવી–ગરબી સામે બેસીને પુરુષો માના ગરબા ગાય છે. કોઈ કોઈ વાર તેઓ ફરતા ફરતા પણ ગાય ખરા.[૬૧] ગરબી એ તાલીનૃત્ય સાથે ગવાય છે. તેમાં પરમેશ્વરની પ્રશસ્તિ કે કથાપ્રસંગ હોય છે. આ ગરબી ફકત પુરુષો જ ગાતા હોય છે. જ્યારે ગરબા પણ નવરાત્રિનાં સમયે ગવાય છે.

## (૭) દુહા અને ગીતકથા :

(૧) દુહાનો પ્રકાર ઘણો પ્રાચીન કે માલધારી, ચારણ, આયર, રબારી, ભાટ વગેરે ગાય–પ્રયોજે છે. સ્ત્રીઓ દુહા જવલ્લે જ ગાય છે.

(૨) ગીતકથામાં કોઈ લોકકથા–વાર્તાને સળંગ દુહાબદ્ધ રીતે રજૂ કરાય છે.[૬૨] આમ, દુહા એ મોટેભાગે ચારણ, ભાટ, રબારી વગેરે ગાય છે. સ્ત્રીઓ દુહા ગાતી નથી. આ દુહાઓ દાયરાઓમાં વધુ ગવાય છે.

## (૮) ડીંગ, પાંચકડાં, પબેડાં અને ભરવાડની લાવણી :

ડીંગ એટલે કે અર્થ વગરનું ખાલી પોકળ. ગીતોની અંદર આવું હોય છે જ્યારે છોકરીઓ પાંચકડાં રમે ત્યારે ખૂબ જ ચતુરાઈપૂર્વક રમત રમતાં ગીતો ગાય છે અને પબેડાં એટલે કે કોઈપણ તથ્ય વિનાના જોડકણાં.[૬૩]

## (૯) ભડળપુરાણની અનુભવવાણી :

આભ અને ગાભના વર્તારાનો બહુ ઓછો ખ્યાલ આવે છે. તેમ છતાં પ્રાકૃતિક તત્ત્વનાં લક્ષણો પરથી દેશ જ પ્રજાએ જે અનુભવવાણી તારવી કહી તે 'ભડળ વાકય' (અંકાશી પુરાણ) 'ભડળ' એટલે દૂઝતું ભરનીંગળ, તેના પરથી 'ભડળી' એટલે અંટાશી તેની પાછળ 'પુરાણ'રૂપે જમાનાનાં અનુભવનો સંગ્રહ નિચોડ મૂકી 'ભડળીપુરાણ' થયું.[૬૪] આપણે ઘણીવાર ઘરના વડીલોને આકાશ તરફ જોઈને કહેતાં સાંભળીયે છીએ કે કેટલો વરસાદ થશે, આવનાર વર્ષ કેવું જશે વગેરે તેઓ કહે છે. આ તેઓ તેમના અનુભવને આધારે અનુમાન કરે છે. ટૂંકમાં આપણે એટલું જરૂર કહી શકીએ કે આપણાં દેશની પ્રજાએ જે અનુભવવાણી તારવી કહી તે 'ભડળીપુરાણ' છે.

## (૧૦) અબાવાણી–શ્રમહારી ગીત અને વર્ણક :

દરિયાકાંઠાના ખારવા કામ કરતી વેળા, કામનો થાક ભૂલવા, કંઈક ગાય, બોલે છે, આમ સઢ ખેંચતાં, વહાણ હોદારતા, તેઓ જે કંઈ બોલે–ગાય તે 'અંબાવણી' 'अबाह्' એટલે 'દેશવિદેશ' અને 'अबाह्वाणी' એટલે દેશપરદેશની વાણી.[૬૫] આમ, દરિયાખેડૂઓ દરિયામાં વહાણને હલેસા મારતાં જે ગીતો ગાય તે અબાવાણી.

## (૧૧) વડચડ, આપજોડિયાં અને હુડા :

(૧) વડચડ એ કોઈ કથા કે પ્રસંગને રજૂ કરતો વર્ણકબંધ વાદ–સંવાદ છે.

(૨) આપજોડિયામાં લોકકવિ મન ફાવે તે રીતે અને પોતાને જે વિત્યુ હોય તે કે પોતાને લાગે એવું કહી દે છે.

(૩) 'હુડા' ઈડરિયા પ્રદેશમાં પુરુષો 'હુડા' ગાય છે. 'હુડા' કથાનકવાળા ગેય છે.[૬૬] આમ, વડચડમાં કથા કે પ્રસંગને સંવાદમાં રજૂ કરવામાં આવે છે. આપજોડિયામાં વ્યક્તિ પોતાના જીવનની આપવીતીને રજૂ કરે છે. જ્યારે હુડા એક પ્રકારનું ગવાતું ગીત છે. જ્યારે સૌરાષ્ટ્રના ઝાલાવાડમાં ભરવાડો હુડો નૃત્ય પણ કરે છે.

## (૧૨) ભવાઈનાં ગીતો :

અંબા, બહુચરા અને ગણપતિની સ્તુતિ ઉપરાંત વિવિધ 'વેષ' પ્રમાણેનાં ભાષા ભાષી ગીતો સાથે નાત, જાત, વર્ણ, રૂઢિ પર કટાક્ષ કરી ખડખડ હસાવે તેવા ગીતો અને સાહિત્યિક વળોટ સાથે ઘણીવાર ઊર્મિને સ્પર્શ કરે તેવા ગીતો ભવાઈમાં વર્ણિત થયા છે.[૬૭] આમ લોકનાટ્ય ભવાઈમાં વિઘ્નહર્તા ગણેશજી, અંબા, બહુચરાની સ્તુતિ કરવામાં આવે છે. આ ઉપરાંત એમાં પ્રસંગ પ્રમાણેના અન્ય ગીતો પણ ગાવામાં આવે છે.

આમ, લોકગીતોમાં પણ સ્ત્રી–પુરુષનાં વિવિધ ગીતો તેમજ આ પ્રકારોના પણ પેટા પ્રકાર પાડી શકાય છે.

## ❖ ઉપસંહાર :

આમ, લોકગીતો એ કોઈપણ પ્રદેશમાં વસતી વિવિધ જાતિઓની ભાષા અને તેની બોલીમાં જે પરંપરાગત ગીતો પેઢી દર પેઢી ગવાતાં રહે છે. તેને લોકગીત કહેવામાં આવે છે. લોકગીતો એ લોકો દ્વારા, લોકજીવનમાંથી લોકોના આનંદ માટે રચાયાં છે જે કંઠસ્થ પરંપરાએ જીવતાં, વહેતાં, પસાર પામતાં રહ્યાં છે. આ પરંપરાગત લોકગીતો સમય, સ્થળ, પ્રદેશ, જ્ઞાતિએ ફેરફારો ધરાવે છે. આ લોકગીતો એ કોઈ કવિની કાવ્યરચના નથી નથી પરંતુ લોકોના જીવનનો પડઘો તેમાં પડે છે. લોકમાનસનું તેમાં પ્રતિબિંબ ઝીલાય છે. લોકોમાં બનતી વિલક્ષણ ઘટનાઓને લોકમાનસ પકડી પોતાની રીતે રજૂ કરે છે. લોકગીતનો સામાજિક સમુદાય સાથે સીધો સંબંધ છે. આદિકાળથી વહેતું માનવહૃદયની ઊર્મિનું ઝરણું તેમાં પ્રતિબિંબિત થાય છે. આમ, લોકગીત એ બીજા ગીતો કે કવિતાની જનની છે.

# ❖ પાદટીપ ❖

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક | આવૃત્તિ વર્ષ | પેજ નં. |
|---|---|---|---|---|
| ૧. | લોકસાહિત્યની વિરાસત | જોરાવરસિંહ જાદવ | ૨૦૦૯ | ૩ |
| ૨. | લોકવિદ્યા અને લોકસાહિત્ય (તત્કાલ અને આજે) | નરેશ વેદ | ૨૦૧૦ | ૧૨ |
| ૩. | લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન | શ્રી જયમલ્લ પરમાર | ૧૯૯૧ | ૨૨૨ |
| ૪. | એજન | ” | ” | ” |
| ૫. | એજન | ” | ” | ૬૫ |
| ૬. | ગુજરાતનાં લોકગીતો | ખોડીદાસ ભા. પરમાર | ૨૦૦૬ | ૫ |
| ૭. | પુષ્કર ચંદરવાકર અને લોકસાહિત્ય | ડૉ. અમૃત જાદવ | ૨૦૧૧ | ૨૯ |
| ૮. | લોકવિદ્યા–પરિચય | હસુ યાજ્ઞિક | ૨૦૦૫ | ૨૭ |
| ૯. | એજન | ” | ” | ૨૮ |
| ૧૦. | લોકસાહિત્ય અને સંસ્કૃતિ | જયમલ્લ પરમાર | ૨૦૧૧ | ૧૪ |
| ૧૧. | લોકવિદ્યા પરિચય | હસુ યાજ્ઞિક | ૨૦૦૫ | ૨૮ |
| ૧૨. | એજન | ” | ” | ૨૯ |
| ૧૩. | ગુજરાતી લોકગીત | હસુ યાજ્ઞિક | ૨૦૦૭ | ૧ |
| ૧૪. | આપણાં રાસગરબા | જયમલ્લ પરમાર | ૧૯૯૯ | ૧૫૦ |
| ૧૫. | લોકસાહિત્ય ધરતીનું ધાવણ ખંડ–૧ અને ૨ સંકલિત | ઝવેરચંદ મેઘાણી | ૨૦૧૧ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬. | આપણા લોકગીતો | જયમલ્લ પરમાર | ૨૦૧૦ | ૩૪ |
| ૧૭. | એજન | ” | ” | ૪૦ |
| ૧૮. | એજન | ” | ” | ૪૨ |
| ૧૯. | એજન | ” | ” | ૪૦ |
| ૨૦. | એજન | ” | ” | ૮૮ |
| ૨૧. | એજન | ” | ” | ૪૨ |
| ૨૨. | ગુજરાતના લોકગીતો | ખોડીદાસ ભા. પરમાર | ૨૦૦૬ | ૮ |
| ૨૩. | આપણાં લોકગીતો | જયમલ્લ પરમાર | ૨૦૧૦ | ૪૨ |
| ૨૪. | એજન | ” | ” | ૪૨ |
| ૨૫. | લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ વિમર્શ | ડૉ. જીવરાજ પારઘી પ્રા. પ્રવીણ દેશાણી | ૨૦૧૪ | ૨૩ |
| ૨૬. | लोकगीतों में रस योजना | डॉ. शिवदयाल जोशी | ૧૯૮૫ | ૧૭ |
| ૨૭. | લોકગુર્જરી (અંક–ચૌદ) | ડૉ. બળવંત જાની | ૧૯૯૯ | ૩૦ |
| ૨૮. | ચંપાની કળીઓમાં કસ્તૂરી (લોકગીત સ્વરૂપ અને પ્રકાર) | ડૉ. અમૃત પટેલ | ૨૦૧૪ | ૨૧ |
| ૨૯. | લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન | જયમલ્લ પરમાર | ૧૯૯૧ | ૨૩૪ |
| ૩૦. | એજન | ” | ” | ” |
| ૩૧. | એજન | ” | ” | ” |
| ૩૨. | એજન | ” | ” | ” |
| ૩૩. | એજન | ” | ” | ” |
| ૩૪. | એજન | ” | ” | ” |
| ૩૫. | એજન | ” | ” | ૨૩૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૬. | એજન | ” | ” | ” |
| ૩૭. | એજન | ” | ” | ” |
| ૩૮. | એજન | ” | ” | ” |
| ૩૯. | એજન | ” | ” | ” |
| ૪૦. | આપણાં લોકગીતો | જયમલ્લ પરમાર | ૨૦૧૦ | ૬૩ |
| ૪૧. | એજન | ” | ” | ” |
| ૪૨. | ગુજરાતનાં લોકગીતો | ખોડીદાસ ભા. પરમાર | ૨૦૦૬ | ૨૭ |
| ૪૩. | એજન | ” | ” | ૩૦ |
| ૪૪. | એજન | ” | ” | ૩૧ |
| ૪૫. | એજન | ” | ” | ૩૨ |
| ૪૬. | એજન | ” | ” | ૩૨ |
| ૪૭. | એજન | ” | ” | ૩૨ |
| ૪૮. | એજન | ” | ” | ૩૨ |
| ૪૯. | એજન | ” | ” | ૩૨ |
| ૫૦. | એજન | ” | ” | ૩૨ |
| ૫૧. | એજન | ” | ” | ૩૩ |
| ૫૨. | એજન | ” | ” | ૩૩ |
| ૫૩. | એજન | ” | ” | ૩૪ |
| ૫૪. | એજન | ” | ” | ૩૪ |
| ૫૫. | એજન | ” | ” | ૩૪ |
| ૫૬. | એજન | ” | ” | ૩૫ |
| ૫૭. | એજન | ” | ” | ૩૫ |
| ૫૮. | એજન | ” | ” | ૩૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૯. | એજન | ” | ” | ૩૬ |
| ૬૦. | એજન | ” | ” | ૩૬ |
| ૬૧. | એજન | ” | ” | ૩૬ |
| ૬૨. | એજન | ” | ” | ૩૬ |
| ૬૩. | એજન | ” | ” | ૩૬ |
| ૬૪. | એજન | ” | ” | ૩૭ |
| ૬૫. | એજન | ” | ” | ૩૭ |
| ૬૬. | એજન | ” | ” | ૩૭ |
| ૬૭. | એજન | ” | ” | ૩૮ |